શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૭ • અંક : ૧૦
ઓક્ટોબર : ૨૦૨૫

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ આયોજીત
અર્પિતો સમૈયા અંતર્ગત
શ્રી શિક્ષાપત્રી લેખન
અને
આચાર્યપદ સ્થાપન
દ્વિશતાબ્દી મહોત્સવ
૨૦૨૫



શ્રી શિક્ષાપત્રી લેખન દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે
ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં કોટિ કોટિ વંદન...

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

SGVP AHMEDABAD

પ્રકાશનું મહાપર્વ દીપાવલી અને વિક્રમ સંવત ૨૦૮૨નો શુભારંભ કરતું નૂતન વર્ષ આપના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદનો ઉમંગ લઈને આવે.

જેમ દીવડાઓ તમસને હરીને પ્રકાશ ફેલાવે છે, તેમ આપણે પણ હૃદયમાં રહેલા અજ્ઞાન અને દુર્ગુણોનો ત્યાગ કરીને જ્ઞાન અને સદ્ગુણોનો પ્રકાશ પાથરીએ.

બાહ્ય જગતની દોડધામ વચ્ચે પણ અંતરાત્મા સાથે જોડાયેલા રહીએ, સ્વામિનારાયણ મહામંત્રની રટણા અખંડ રહે એવા પ્રયત્નો કરતા રહીએ.

જીવનના દરેક નાના-મોટા અનુભવમાં ભગવાન શ્રીહરિની કૃપા અનુભવીએ. સુખ-દુ:ખથી ઉપર ઊઠીને શાશ્વત આનંદ અને પરમ સંતોષની અનુભૂતિ તરફ પ્રયાણ કરીએ.

આ નવા વર્ષે આપણે સૌ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિને વધુ દૃઢ કરીએ. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા અને સત્સંગના નિયમોનું દ્રઢતાથી પાલન કરતા રહીએ.

આપણે ભારતીય સંસ્કૃતિના ઉજ્વળ વારસાને જાળવીએ અને દેશભક્તિના ઉમદા ભાવ સાથે રાષ્ટ્રની પ્રગતિમાં સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરી સહભાગી બનીએ.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આપ સૌને સદ્ગુણોને જીવનમાં ઉતારવાનું બળ આપે તથા આપનું નવું વર્ષ સર્વ પ્રકારે મંગલમય, પ્રગતિમય અને સત્સંગમય બને એવી હૃદયથી પ્રાર્થના સાથે...

પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પરમ પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી તથા સમસ્ત ગુરુકુલ પરિવારના સંતો-વિદ્યાર્થીઓના સસ્નેહ જય શ્રીસ્વામિનારાયણ....

લી. સ્વામી માધવપ્રિયદાસના હેતપૂર્વક

જય શ્રી સ્વામિનારાયણ સાથ નૂતન વર્ષાભિનંદન

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૭, ઓક્ટોબર : ૨૦૨૫, અંક : ૧૦

-: પ્રકાશક તથા માલિક :-
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨

તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

હરિકૃષ્ણ હૈયાનો મારે...

દિવાળી આવી રે,

આજ મારે દિવાળી આવી; આજ૦ ટેક.
પૂજીએ કૃષ્ણ કમળમુખ સજની,
પ્રીતે પધરાવી રે...આજ મારે-૧
મંદિરિયામાં ચોક પૂરાવો,
મોતીડાં મંગાવી રે...આજ મારે-૨
કેસર ચંદન ઘરચીને,
બીજે વારણાં વધાવી રે...આજ મારે-૩
પ્રેમાનંદના નાથની મૂર્તિ,
અંતરમાંહી ભાવી રે...આજ મારે-૪

અનુક્રમ

શિક્ષાપત્રી યશોગાથા.....૦૪
શિક્ષાપત્રીમાં સ્વાસ્થ્ય સંબંધિત ઉપદેશો.....૦૫
શિક્ષાપત્રીની ટકોર.....૧૧
શિક્ષાપત્રીમાં આર્થિક વ્યવસ્થા માટેનું શિક્ષણ.....૧૩
શિક્ષાપત્રી સુખદા.....૧૭
સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્.....૧૯
પ્રવર્તનીયા સદ્વિદ્યા.....૨૦

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

શિક્ષાપત્રી યશોગાથા

- પાર્ષદ શામજી ભગત

શિક્ષાપત્રી લેખનને ૨૦૦ વર્ષ પૂર્ણ થયા. સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજે આનંદ-ઉત્સવનું વાતાવરણ છે. શ્રીસહજાનંદ સ્વામીએ સંપ્રદાયના આચાર્યપદેથી આ શિક્ષાપત્રી સમગ્ર માનવજાત માટે લખી છે. બધા જીવોનું આ લોક અને પરલોકમાં હિત થાય એવા ઉત્તમ હેતુથી આ શિક્ષાપત્રી વડતાલ ધામમાં લખાયેલી છે.

શિક્ષાપત્રીમાં સાંપ્રદાયિક સંકીર્ણતા નથી. 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાથી શિક્ષાપત્રી સૌને માટે હિતોપદેશ કરે છે. માત્ર ૨૧૨ શ્લોકોમાં શિક્ષાપત્રીમાં માનવજાતના કલ્યાણનું બંધારણ લખવામાં આવ્યું છે.

શિક્ષાપત્રીમાં મનુષ્ય માટે આચરણશુદ્ધિ અને પવિત્રતાની બાબતો સરળતાથી વણી લેવામાં આવી છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના આશ્રિત સત્સંગીઓ માટે શિક્ષાપત્રીમાં સીધી આજ્ઞા છે અને જેઓ આશ્રિત નથી, તેમના માટે ભલામણ અને પ્રેરણા છે.

અર્થાત્ દારૂ પીનારા, માંસ ખાનારા, વ્યભિચાર કરનારા, ચોરી કરનારા તેમજ અપવિત્ર અશુદ્ધ આહાર-વિહાર કરનારા ભગવાન શ્રીસ્વામિનારાયણના સત્સંગી ન હોઈ શકે, એવા બિનસત્સંગી માટે પણ સુખી થવાનો માર્ગ શિક્ષાપત્રીમાં ભલામણ રૂપે તેમ જ પ્રેરણા રૂપે પ્રકાશિત કરવામાં આવ્યો છે.

ખરો સત્સંગી તે છે, જે શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરે છે. શિક્ષાપત્રી સ્વયં શ્રીસહજાનંદ સ્વામી છે. શ્રીસહજાનંદ સ્વામીની વાણી એ જ એમનું સ્વરૂપ છે.

શિક્ષાપત્રીમાં શ્રીસહજાનંદ સ્વામીએ ક્યાંય એમ નથી લખ્યું કે, હું ભગવાન છું. તમે મને ભગવાન માનો અને હું તમને મારા ધામમાં લઈ જાઈશ. પરંતુ એમ લખ્યું છે કે, આ શિક્ષાપત્રીનું જે પાલન કરશે તે આ લોકમાં સુખી થશે તેમજ પરલોકમાં પણ સુખી થશે. ઉપરાંત ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થની સિદ્ધિ થશે.

શિક્ષાપત્રી જ્યારે લખાય છે ત્યારે શ્રીસહજાનંદ સ્વામી પરમાત્મા તરીકે લાખો સત્સંગીઓમાં પૂજાયા છે. અનેક પરમહંસો આ પરમાત્માને પોતાના ઈષ્ટદેવ તરીકે સ્વીકારીને એમનું ધ્યાન-ભજન અને પૂજન કરતા રહ્યા છે. ત્યારે આ શિક્ષાપત્રીના લેખક એમ લખે છે કે, હું મારા હૃદયમાં શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું.

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।

वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥१॥

શિક્ષાપત્રીના લેખક તરીકે શ્રીસહજાનંદ સ્વામી બહુ સ્પષ્ટ રીતે સનાતન પરંપરાનો મહિમા કહે છે. અહીં કોઈની અવગણના નથી, સર્વનો સ્વીકાર છે તેની સાથે સાથે ભક્તિ-ઉપાસનાની પણ ભલામણ સાથે સ્પષ્ટતા છે.

પંચદેવને પૂજનીય માનવા, નારાયણ અને શિવજીનું એકાત્મપણું સમજવું, જન્માષ્ટમી, શિવરાત્રી વગેરે જેવા મહોત્સવ ઉજવવા, ગણપતિ દાદા અને હનુમાન દાદાની વિશિષ્ટ પૂજાઓ કરવી અને કરાવવી. બિલ્લીપત્રોથી શ્રાવણ મહિનામાં મહાદેવજીનું પૂજન કરવું, બ્રાહ્મણ તરીકે ત્રિપુડ્ર અને રુદ્રાક્ષ કાયમ ધારણ કરવા. વગેરે બાબતોમાં શ્રીસહજાનંદ સ્વામી પોતાના હરિભક્તોને સનાતન પરંપરાની સર્વદેશી શિક્ષા-દીક્ષા આપે છે.

શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ એટલે સત્સંગીઓ માટે શિક્ષાપત્રીના મર્મને સમજીને પોતાના જીવનમાં શિક્ષાપત્રી પ્રગટ કરવાનો અલૌકિક અવસર.

આવા દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ એવી પ્રેરણા કરી કે આ વખતે 'ગુરુકુલ દર્શન'નો અંક મહિલાભક્તો દ્વારા તૈયાર થાય.

સામાન્ય ગૃહસ્થ તરીકે જીવન જીવતી બહેનો શિક્ષાપત્રી વિશે શું અનુભવ ધરાવે છે ? આરોગ્ય ક્ષેત્રમાં ડોકટર તરીકે સેવાઓ આપતી મહિલાઓએ શિક્ષાપત્રીમાંથી શું સમજણ પ્રગટ કરી શકે છે ? શિક્ષણ

જગતમાં પોતાની શ્રેષ્ઠ સેવાઓ આપી રહેલી તેમજ આપી ચૂકેલી વિદ્વાન મહિલાઓ શિક્ષાપત્રીમાંથી શું સારતત્વ તારવી શકે છે ? તે અહીં રજુ થયું છે. ઉપરાંત SGVP ગુરુકુલ પરિવારની સાંખ્યયોગી માતાઓએ પણ શિક્ષાપત્રી અંગે ખૂબ જ સરસ લેખન કર્યું છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર અમદાવાદના ૪૯ માં જ્ઞાનસત્ર પ્રસંગે વડતાલધામના કોઠારી શ્રી ડો. સંતવલ્લભદાસજી સ્વામીએ પણ પોતાના ઉદ્બોધનમાં એક નાનકડી ટકોર કરી હતી કે, શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષે એક વિશેષાંક જ્યઁ સંસ્થાના મેગેઝીનમાં પ્રકાશિત થાય. તો સત્સંગને અને સમાજને ખૂબ જ લાભ થશે અને શિક્ષાપત્રી માનવજીવન માટે તેમજ સમગ્ર સૃષ્ટિ માટે કેવી કેવી કલ્યાણ ભાવનાઓ પ્રગટ કરે છે તેનો સૌને ખ્યાલ આવશે.

પૂજ્ય ગુરુવર્ય સ્વામીજીની પ્રેરણા અને પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીજીના માર્ગદર્શન હેઠળ આ શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે બહેનો દ્વારા તૈયાર થયેલ વિશેષાંક પ્રગટ કરતા અત્યંત આનંદની અને ગૌરવની લાગણી અનુભવે છે.

સમાજના વિવિધ ક્ષેત્રોમાં રહેલી મહિલાઓએ આ શિક્ષાપત્રીના લેખોનું લેખન કરવામાં ખૂબ જ ઉત્સાહ બતાવ્યો છે તેથી ઘણા લેખો આ અંકમાં પ્રકાશિત કરી શકાયા નથી. જે આગામી અંકોમાં ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવશે.

શિક્ષાપત્રીમાં સ્વાસ્થ્ય સંબંધિત ઉપદેશો

ડો. ગોરલબેન ચેતનકુમાર પટેલ

શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે ૨૧૨ શ્લોકોમાં અનેક શાસ્ત્રોનો સાર આપીને આલોક અને પરલોકમાં સુખિયા કરવા માટે પોતાના ભક્તોને નિયમો આપ્યા છે. ''અમારા આશ્રિત'' શબ્દનો અનેકવાર ઉપયોગ કરીને ભક્તોને કૃતાર્થ કરી દીધા છે. શિક્ષાપત્રીમાં આધ્યાત્મિકતાની સાથે સાંસારિક જીવન માટે અને સ્વાસ્થ્ય સંબંધિત આહાર, વિહાર અને આચાર-વિચાર સંબંધિત નિયમોનું વર્ણન કરવામાં આવ્યું છે, જે સ્વસ્થ જીવન માટે જરૂરી છે.

આપણા મહારાજે જીવો ઉપર ખૂબ દયાએ કરીને શિક્ષાપત્રી લખી આપી છે, જે કોઈ પણ સંજોગોમાં આપણા માટે હિતકર જ હોય. તો એવી કેટલીક આરોગ્ય-વિજ્ઞાનના સંબંધયુક્ત થોડી આજ્ઞાઓ જોઈએ.

શિક્ષાપત્રીમાંથી સ્વાસ્થ્ય સંબંધિત ઉપદેશો :

ભગવાન શ્રીસ્વામિનારાયણે લખેલી શિક્ષાપત્રી માત્ર ધાર્મિક નિયમોનો ગ્રન્થ નથી, પરંતુ તે એક સંપૂર્ણ જીવનશૈલીનો માર્ગદર્શક ગ્રન્થ છે. આ ગ્રન્થમાં આપેલા નિયમો આત્મિક ઉન્નતિની સાથે સાથે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે પણ અત્યંત ઉપયોગી છે.

૧. આહાર અને વિહારના નિયમો :

શિક્ષાપત્રીમાં આરોગ્ય જાળવવા માટે સાત્વિક અને શુદ્ધ આહાર પર ભાર મૂકવામાં આવ્યો છે.

નશીલા પદાર્થોનો ત્યાગ : શ્લોક-૧૮માં સ્પષ્ટપણે જણાવ્યું છે કે દારૂ, ગાંજો, ભાંગ, તમાકુ વગેરે જેવા નશીલા પદાર્થોનું સેવન ન કરવું. આ પદાર્થો શરીરને નુકસાન પહોંચાડે છે અને મનને અશાંત કરે છે, જેનાથી સ્વાસ્થ્ય બગડી શકે છે.

અશુદ્ધ આહારનો ત્યાગ : માંસ, માદક પદાર્થ અને કંદમૂળ કે જેમાં સૂક્ષ્મ જીવો હોવાની સંભાવના હોય તેનો ત્યાગ કરવાનો ઉપદેશ છે. શુદ્ધ અને સાત્વિક આહાર મનને નિર્મળ અને શરીરને સ્વસ્થ રાખે છે.

ગાળીને પાણી પીવું : શિક્ષાપત્રીમાં પાણી ગાળીને પીવાની આજ્ઞા આપવામાં આવી છે (શ્લોક-૩૦), જે આરોગ્ય-વિજ્ઞાનની દૃષ્ટિએ પણ અત્યંત મહત્વપૂર્ણ છે. આનાથી પાણીમાં રહેલા જીવાણુઓ અને અન્ય અશુદ્ધિઓ દૂર થાય છે.

૨. ખોરાકની શુદ્ધતાથી થતા ફાયદા

શારીરિક લાભ

શુદ્ધ અને સાત્વિક આહાર શરીરને રોગમુક્ત રાખવામાં મદદ કરે છે. શિક્ષાપત્રીમાં દારૂ, માંસ, ડુંગળી, લસણ જેવી વસ્તુઓનો ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું છે, કારણ કે તે શરીર માટે હાનિકારક છે. શુદ્ધ ખોરાક પાચનતંત્રને સ્વસ્થ રાખે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. પાણી ગાળીને પીવાથી તેમાં રહેલા જીવાણુઓ દૂર થાય છે, જે અનેક બીમારીઓથી બચાવે છે.

માનસિક લાભ

ખોરાકની શુદ્ધતાની સીધી અસર મન પર થાય છે. આહાર શુદ્ધ હોય તો વિચારો પણ શુદ્ધ અને સકારાત્મક રહે છે. આનાથી મન શાંત અને સ્થિર બને છે. નશીલા પદાર્થોનું સેવન કરવાથી મન અશાંત અને ચંચળ બને છે,

જ્યારે શુદ્ધ ખોરાક મનને નિર્મળ બનાવે છે અને ધ્યાન, ભક્તિ કે અન્ય આધ્યાત્મિક કાર્યોમાં મદદ કરે છે.

આધ્યાત્મિક લાભ

શિક્ષાપત્રી અનુસાર, ભગવાનને અર્પણ કરેલું જળ અને ભોજન પવિત્ર અને પ્રસાદીરૂપ બની જાય છે. આવો પ્રસાદ ગ્રહણ કરવાથી આત્માની શુદ્ધિ થાય છે અને ભગવાન પ્રત્યેની શ્રદ્ધા વધે છે. આ પ્રથા વ્યક્તિને નિયમબદ્ધ અને સંયમિત જીવન જીવવાનું શીખવે છે, જે આધ્યાત્મિક પ્રગતિ માટે અનિવાર્ય છે.

૩. ભગવાનનો પ્રસાદ : ભક્તોને ભગવાનને અર્પણ કરેલું જળ, ફળ, શાકભાજી વગેરે જ ખાવા-પીવાની આજ્ઞા છે. આનાથી ખોરાકની શુદ્ધતા અને પવિત્રતા જળવાય છે. આહાર શુદ્ધ હોય તો અંતઃકરણ પણ શુદ્ધ રહે છે.

ભગવાનને અર્પણ કરીને જમવું એ એક એવી પ્રથા છે જેના અનેક લાભો છે, જે માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ પ્રથા દ્વારા, આપણે ખોરાક પ્રત્યે આદર અને કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરીએ છીએ.

ભગવાનને અર્પણ કરીને ભોજન કરવાના લાભો :

શિક્ષાપત્રીના શ્લોક ૬૦માં શ્રીજી મહારાજે ભક્તોને ભગવાનને અર્પણ કરેલું જળ અને ભોજન જ લેવાનો આદેશ આપ્યો છે. આ નિયમ પાછળ અનેક ઊંડા કારણો રહેલા છેઃ

શુદ્ધતા અને સાત્વિકતા

જ્યારે આપણે કોઈ વસ્તુ ભગવાનને અર્પણ કરીએ છીએ, ત્યારે આપણે તેની શુદ્ધતા અને પવિત્રતાનું ધ્યાન રાખીએ છીએ. આ પ્રથા ભક્તને ગમે ત્યાંથી અને ગમે તેવું ભોજન લેવાથી રોકે છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ : આધુનિક પોષણશાસ્ત્ર પણ તાજા અને શુદ્ધ ખોરાકનું મહત્વ સમજાવે છે. ભગવાનને અર્પણ કરવા માટે, આપણે તાજો અને સ્વચ્છ ખોરાક જ તૈયાર કરીએ છીએ, જે સ્વાસ્થ્ય માટે લાભદાયક છે. આનાથી ખોરાકમાં રહેલા હાનિકારક તત્વો અને બેક્ટેરિયાનું પ્રમાણ ઓછું થાય છે.

કૃતજ્ઞતા અને અહંકારનો ત્યાગ

ભગવાનને અર્પણ કરીને આપણે ભોજન સ્વીકારીએ છીએ કે આ ભોજન આપણને ભગવાનની કૃપાથી મળ્યું છે, આપણા પોતાના પ્રયાસોથી નહીં. આનાથી આપણામાં કૃતજ્ઞતાનો ભાવ પેદા થાય છે અને અહંકાર ઓછો થાય છે.

મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ : કૃતજ્ઞતા એ માનસિક સ્વાસ્થ્ય માટે એક શક્તિશાળી સાધન છે. નિયમિતપણે કૃતજ્ઞતા વ્યક્ત કરવાથી મનમાં સકારાત્મકતા વધે છે અને તણાવ ઓછો થાય છે. આ પ્રથા ભોજનને માત્ર એક શારીરિક જરૂરિયાત તરીકે નહીં, પરંતુ એક પવિત્ર પ્રસાદ તરીકે જોવામાં મદદ કરે છે.

આધ્યાત્મિક ભાવના

ભગવાનને અર્પણ કરેલું ભોજન પ્રસાદ બની જાય છે. આ ભોજન ગ્રહણ કરવાથી માત્ર શરીરનું જ નહીં, પરંતુ મન અને આત્માનું પણ પોષણ થાય છે. આનાથી વ્યક્તિની આસ્થા અને ભક્તિ મજબૂત બને છે.

આધ્યાત્મિક દૃષ્ટિકોણ : ભોજનને પ્રસાદ તરીકે ગ્રહણ કરવાથી મનમાં શાંતિ અને દૈવી ભાવના પેદા થાય છે. આનાથી ખાવાની ક્રિયા એક ભક્તિમય અનુભવમાં પરિવર્તિત થાય છે, જે આત્માની શુદ્ધિ કરે છે.

આમ, ભગવાનને અર્પણ કરીને ભોજન લેવાનો નિયમ માત્ર એક ધાર્મિક પ્રથા નથી, પરંતુ તે એક એવી પદ્ધતિ છે જે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યને સુધારે છે.

૨. શારીરિક અને માનસિક સ્વચ્છતા :

સ્વાસ્થ્યનો પાયો સ્વચ્છતા છે. શિક્ષાપત્રીમાં શારીરિક અને આંતરિક એમ બન્ને પ્રકારની સ્વચ્છતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

નિયમિત સ્નાન : દરરોજ સવારે સ્નાન કરવાની આજ્ઞા છે, જે શારીરિક સ્વચ્છતા જાળવવા માટે આવશ્યક છે. આનાથી શરીર સ્વચ્છ રહે છે અને તાજગીનો અનુભવ થાય છે. સ્નાન પછી સ્વચ્છ કપડાં પહેરવા પણ જરૂરી છે.



સાર્વજનિક સ્થળોની સ્વચ્છતા : શિક્ષાપત્રીમાં જાહેર સ્થળોએ મળમૂત્ર ત્યાગ ન કરવા, થૂંકવું નહીં વગેરે જેવા નિયમો આપવામાં આવ્યા છે. આ ઉપદેશો વ્યક્તિગત સ્વચ્છતાની સાથે સામાજિક સ્વચ્છતા અને જાહેર આરોગ્યનું પણ ધ્યાન રાખવાનું શીખવે છે.

મનની શુદ્ધિ : ક્રોધ, લોભ, વ્યભિચાર અને ઈર્ષા જેવા નકારાત્મક ભાવોનો

ત્યાગ કરવાથી માનસિક શાંતિ મળે છે. આ માનસિક શુદ્ધિ શારીરિક સ્વાસ્થ્ય માટે પણ અત્યંત જરૂરી છે, કારણ કે મનની શાંતિ શરીરને રોગમુક્ત રાખવામાં મદદ કરે છે.

૩. સમાજ અને આરોગ્ય

શિક્ષાપત્રી વ્યક્તિગત સ્વાસ્થ્યની સાથે સાથે સામાજિક સ્વાસ્થ્યને પણ મહત્વ આપે છે.

રોગીની સેવા : શ્લોક-૧૩૯માં માતા-પિતા, ગુરુ અને રોગી માણસની સેવા કરવાનો આદેશ છે. આ ઉપદેશ દર્શાવે છે કે રોગગ્રસ્ત વ્યક્તિની સેવા કરવી એ એક ધર્મ છે, જે સમાજમાં કરુણા અને સહાનુભૂતિની ભાવના જગાડે છે અને સામુહિક આરોગ્ય જાળવવામાં મદદ કરે છે. રોગી મનુષ્યની સેવા કરવી એ એક મહાન પુણ્યનું કાર્ય માનવામાં આવે છે. આ કાર્ય કરવાથી માત્ર સેવા લેનારને જ નહીં, પરંતુ સેવા કરનારને પણ ઘણા લાભ થાય છે. શિક્ષાપત્રીમાં પણ શ્રીજીમહારાજે રોગીની સેવા કરવા પર ભાર મૂક્યો છે, કારણ કે આ કાર્યથી વ્યક્તિના ચારિત્ર્યનો વિકાસ થાય છે.

રોગી મનુષ્યની સેવા કરવાના લાભો

રોગીની સેવા કરવી એ એક પ્રશંસનીય કાર્ય છે, જેનાથી અનેક આધ્યાત્મિક, માનસિક અને સામાજિક લાભ થાય છે.

આધ્યાત્મિક લાભ

કરુણા અને દયાભાવનો વિકાસ : રોગીની સેવા કરવાથી આપણામાં કરુણા, દયા અને સહાનુભૂતિ જેવા ગુણોનો વિકાસ થાય છે. જ્યારે આપણે કોઈ પીડિત વ્યક્તિની પીડાને સમજીને તેની મદદ કરીએ છીએ, ત્યારે આપણે અહંકાર અને સ્વાર્થનો ત્યાગ કરીએ છીએ. આ ગુણો આધ્યાત્મિક પ્રગતિ માટે પાયાના છે.

ભગવાનની પ્રસન્નતા : શિક્ષાપત્રી અનુસાર ભગવાન શ્રીકૃષ્ણની પૂજા, કીર્તન અને ધ્યાન કરવાથી જેટલું પુણ્ય મળે છે, તેટલું જ પુણ્ય રોગી-દુઃખી કે નિરાધાર વ્યક્તિની સેવા કરવાથી મળે છે. શ્રીજી મહારાજે પોતે રોગીની સેવા કરી અને બતાવ્યું કે જીવદયા એ ભક્તિનો એક અભિન્ન ભાગ છે.

માનસિક અને મનોવૈજ્ઞાનિક લાભ

મનની શાંતિ : જ્યારે આપણે કોઈની મદદ કરીએ છીએ, ત્યારે આપણને આંતરિક સંતોષ અને શાંતિ મળે છે. રોગીની સેવા કરવાથી મનમાં કોઈ પણ પ્રકારનો તણાવ, ચિંતા કે નકારાત્મકતા રહેતી નથી.

નમ્રતા અને સહનશીલતા : રોગીની સેવા કરવી એક પડકારજનક કાર્ય હોઈ શકે છે. આ કાર્ય કરવાથી આપણામાં નમ્રતા, ધૈર્ય અને સહનશીલતા જેવા ગુણોનો વિકાસ થાય છે. આ ગુણો જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

સામાજિક લાભ

પરસ્પર પ્રેમ અને વિશ્વાસ : જ્યારે સમાજના લોકો એકબીજાની મદદ કરે છે, ત્યારે પરસ્પર પ્રેમ અને વિશ્વાસ વધે છે. આનાથી એક મજબૂત અને સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે.

માનવતાનું ઉત્તમ ઉદાહરણ : રોગીની સેવા કરવી એ માનવતાનું ઉત્તમ ઉદાહરણ છે. આ કાર્ય અન્ય લોકોને પણ પ્રેરણા આપે છે કે 'મુશ્કેલ સમયમાં એકબીજાને મદદ કરવી જોઈએ.' મહારાજે પોતાનાં જીવનમાં પણ સેવકરામની નિસ્વાર્થભાવે સેવા કરીને આપણને ઉપદેશ આપ્યો છે..

વ્યવહારિક જ્ઞાન : શિક્ષાપત્રીમાં દવા લેવા માટે પણ પરિચિત અને યોગ્ય વૈદ્ય પાસેથી જ લેવાનું કહ્યું છે, જે આજના યુગમાં પણ આરોગ્ય માટે એક મહત્વપૂર્ણ સલાહ છે. આ દર્શાવે છે કે યોગ્ય સલાહ વગર કોઈ પણ ઉપચાર કરવો હાનિકારક હોઈ શકે છે.

એકાદશીનું વ્રત કરવાના લાભ

એકાદશીવનું વ્રત કરવાના અનેક લાભો છે જે માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ શારીરિક અને માનસિક દૃષ્ટિએ પણ ખૂબ મહત્વપૂર્ણ છે. આયુર્વેદ અને આધુનિક વિજ્ઞાન પણ ઉપવાસના મહત્વને સ્વીકારે છે.

મહારાજે શિક્ષાપત્રીમાં એકાદશીનો ઉપવાસ કરવાનો આદેશ કર્યો છે. એકાદશી, જે દર મહિનામાં બે વાર આવે છે, તે ઉપવાસ-ભક્તિ અને સ્વ-નિયમન માટેનો એક પવિત્ર દિવસ છે. આ દિવસે ઉપવાસ કરવાથી થતા મુખ્ય લાભો નીચે મુજબ છે:

શારીરિક લાભ

એકાદશીનો ઉપવાસ પાચનતંત્રને આરામ આપે છે અને શરીરને અંદરથી શુદ્ધ કરે છે.

પાચનતંત્રને આરામ : સતત ભોજન લેવાથી પાચનતંત્ર પર ભાર રહે છે. એકાદશીના દિવસે ઉપવાસ કરવાથી પાચનતંત્રને આરામ મળે છે, જે તેની કાર્યક્ષમતા સુધારે છે.

શરીરનું શુદ્ધિકરણ (ડિટોક્સિફિકેશન) : ઉપવાસ

દરમિયાન શરીર સંચિત થયેલા ઝેરી તત્વો (ટૈહજ) અને વધારાની ચરબીનો ઉપયોગ કરે છે, જેનાથી શરીરનું કુદરતી રીતે શુદ્ધિકરણ થાય છે.

રોગપ્રતિકારક શક્તિમાં વધારો : ઉપવાસ કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે, જેનાથી રોગો સામે લડવાની ક્ષમતા વધે છે.

વજન નિયંત્રણ : નિયમિત ઉપવાસ કરવાથી વજન નિયંત્રણમાં મદદ મળે છે, કારણ કે શરીર મેટાબોલિઝમ (metabolism) સુધારે છે.

માનસિક અને મનોવૈજ્ઞાનિક લાભ

ઉપવાસ મનને શાંત અને નિયંત્રિત રાખવામાં મદદ કરે છે.

આત્મનિયંત્રણ અને શિસ્ત : ઉપવાસ કરવો એ એક પ્રકારનો આત્મનિયંત્રણનો અભ્યાસ છે. ભગવાનને અર્પણ કરીને જમવું એ એક એવી પ્રથા છે જેના અનેક લાભો છે, જે માત્ર ધાર્મિક જ નહીં પરંતુ વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ પ્રથા દ્વારા આપણે ખોરાક પ્રત્યે આદર અને કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરીએ છીએ.

શક્તિ વધે છે અને વ્યક્તિમાં શિસ્તનો ગુણ કેળવાય છે.

મન પર નિયંત્રણ : એકાદશીના દિવસે ભોજનને ટાળવાથી મનની ચંચળતા ઓછી થાય છે અને મન પર નિયંત્રણ આવે છે. આનાથી ધ્યાન અને એકાગ્રતા વધે છે.

નકારાત્મકતાનો ત્યાગ : ઉપવાસ દરમિયાન મનને આધ્યાત્મિક વિચારોમાં વ્યસ્ત રાખવાથી નકારાત્મકતા અને તણાવ દૂર થાય છે.

આધ્યાત્મિક લાભ

એકાદશી એ ભક્તિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટેનો શ્રેષ્ઠ દિવસ છે.

આધ્યાત્મિક શુદ્ધિ : ભોજનનો ત્યાગ કરીને મનને ભગવાનની ભક્તિમાં લગાવવાથી આત્માની શુદ્ધિ થાય છે.

ભગવાનની નજીક : ઉપવાસ દરમિયાન મન સાંસારિક વસ્તુઓથી દૂર રહે છે અને ભગવાનની ભક્તિમાં લીન થાય છે. આનાથી ભગવાન સાથેનો સંબંધ વધુ ગાઢ બને છે.

આમ, એકાદશી કરવાના અનેક લાભો છે જે આપણા જીવનને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બનાવે છે.

ચાતુર્માસ : દિનચર્યા અને ઋતુચર્યાનું આયુર્વેદિક મહત્વ

આયુર્વેદમાં ઋતુચર્યાનો સિદ્ધાંત સમજાવવામાં આવ્યો છે, જે અનુસાર દરેક ઋતુમાં શરીરની પ્રકૃતિ બદલાય છે અને તે પ્રમાણે આહાર, વિહાર અને દિનચર્યામાં પણ ફેરફાર કરવો જરૂરી છે. ચાતુર્માસનો સમયગાળો (સામાન્ય રીતે જૂન-જુલાઈથી ઓક્ટોબર-નવેમ્બર) ચોમાસાની ઋતુ સાથે મેળ ખાય છે, જેમાં વરસાદ અને ભેજનું પ્રમાણ વધુ હોય છે.

આહારના નિયમો

આયુર્વેદ અનુસાર, ચોમાસામાં શરીરની પાચન શક્તિ (અગ્નિ) નબળી પડે છે. વાતાવરણમાં ભેજ વધુ હોવાથી પાચનક્રિયા મંદ થઈ જાય છે. તેથી, શિક્ષાપત્રીમાં આ સમયગાળા દરમિયાન હળવા અને સરળતાથી પચી જાય તેવા ખોરાક લેવાની સલાહ આપવામાં આવી છે.

કંદમૂળ અને લીલા શાકભાજીનો ત્યાગ : આયુર્વેદમાં ચોમાસામાં જમીનની અંદર ઉગતા કંદમૂળ (જેમ કે બટાકા, શક્કરિયા) અને લીલા શાકભાજી ટાળવાની સલાહ છે. આનું કારણ એ છે કે આ ઋતુમાં તેમાં જીવાણુઓ, બેક્ટેરિયા અને અન્ય સૂક્ષ્મ જીવોનું પ્રમાણ વધુ હોય છે. આનું સેવન કરવાથી પાચન સંબંધી સમસ્યાઓ અને પેટના રોગો થઈ શકે છે.

હળવો અને ગરમ ખોરાક : આ સમયગાળામાં ગરમ અને તાજો રાંધેલો ખોરાક લેવો જોઈએ. આયુર્વેદમાં મધ, આદુ અને મસાલાનો ઉપયોગ કરવાની ભલામણ છે, જે પાચનશક્તિને વેગ આપે છે.

દિનચર્યાના નિયમો

ચાતુર્માસ દરમિયાન દિનચર્યામાં પણ વિશેષ સાવધાની રાખવી જરૂરી છે.

પાણીની શુદ્ધતા : ચોમાસામાં પાણીજન્ય રોગોનું પ્રમાણ વધે છે. શિક્ષાપત્રીમાં ગાળીને પાણી પીવાનો નિયમ આયુર્વેદિક સિદ્ધાંતો પર આધારિત છે. આજના યુગમાં વોટર ફિલ્ટરનો ઉપયોગ કરીને આપણે આ નિયમનું પાલન કરી શકીએ છીએ.

નિયમિત સ્નાન અને સ્વચ્છતા : વાતાવરણમાં ભેજ વધુ હોવાથી ત્વચાના ચેપ અને ફંગલ ઈન્ફેક્શન થવાની શક્યતા વધી જાય છે. તેથી, દરરોજ સ્નાન કરવું અને કપડાં સ્વચ્છ રાખવા ખૂબ જ જરૂરી છે.

વિહારના નિયમો

આયુર્વેદમાં વિહાર એટલે કે જીવનશૈલી અને હલનચલન. ચાતુર્માસમાં આ બાબતનું પણ ધ્યાન રાખવું જોઈએ.

પ્રવાસ ટાળવો : પહેલાના સમયમાં ચોમાસામાં રસ્તાઓ ખરાબ થઈ જતા હતા અને પ્રવાસ દરમિયાન બીમારીઓ થવાનો ભય રહેતો હતો. આયુર્વેદમાં પણ અતિશય પ્રવાસ અને શારીરિક શ્રમ ટાળવાની સલાહ છે, જેથી શરીરને આરામ મળે અને રોગપ્રતિકારક શક્તિ જળવાઈ રહે.

ધ્યાન અને આધ્યાત્મિક સાધના : આ સમયગાળાને ભક્તિ અને આધ્યાત્મિક સાધના માટે ઉત્તમ ગણવામાં આવે છે. આનાથી મન શાંત રહે છે અને શારીરિક રીતે થાકેલાં શરીરને માનસિક રીતે આરામ મળે છે.

આમ, શિક્ષાપત્રીના ચાતુર્માસના નિયમો આયુર્વેદના સિદ્ધાંતો સાથે સુસંગત છે,

ઉચ્ચ સ્વરે નામસંકીર્તન કરવાના લાભો

શિક્ષાપત્રીના શ્લોક ૬૩ અને ૬૪માં શ્રીજીમહારાજે ઉચ્ચ સ્વરે ભગવાનનું કીર્તન અને નામસંકીર્તન કરવાનું કહ્યું છે. આ પાછળના મુખ્ય લાભો નીચે મુજબ છે : ઉચ્ચ સ્વરે નામસંકીર્તન કરવાના ઘણા ફાયદા છે, જે માત્ર આધ્યાત્મિક જ નહીં પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ સાબિત થયા છે.

મનોવૈજ્ઞાનિક અને માનસિક લાભ

આધુનિક વિજ્ઞાન અનુસાર, ઉચ્ચ સ્વરે ગાવું એ એક પ્રકારની થેરાપી છે.

તણાવ ઓછો થાય છે : જ્યારે આપણે ઉચ્ચ સ્વરે ગાઈએ છીએ, ત્યારે શરીરમાં એન્ડોર્ફિન (endorphin) અને ઓક્સિટોસિન (oxytocin) જેવા હોર્મોન્સ મુક્ત થાય છે, જે તણાવ ઓછો કરે છે અને મનને આનંદ આપે છે. આ પ્રક્રિયા મનોવૈજ્ઞાનિક રીતે ચિંતા અને હતાશાને ઘટાડવામાં મદદ કરે છે.

એકાગ્રતા વધે છે : નામસંકીર્તન કરવાથી મન ભટકતું અટકે છે અને એક જ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત થાય છે. આ એક પ્રકારનું મેડિટેશન છે, જે મનની શક્તિ વધારે છે.

નકારાત્મકતા દૂર થાય છે : સકારાત્મક શબ્દો અને ધ્વનિ મગજ પર સકારાત્મક અસર કરે છે. ઉચ્ચ સ્વરે ગવાયેલું કીર્તન મનમાંથી નકારાત્મક વિચારો અને ભાવોને દૂર કરવામાં મદદ કરે છે.

શારીરિક અને શ્વસન સંબંધિત લાભ

ઉચ્ચ સ્વરે ગાવાથી શ્વસનતંત્ર મજબૂત બને છે.

ફેફસાંની ક્ષમતા વધે છે : જ્યારે આપણે ગાઈએ છીએ, ત્યારે શ્વાસ ઊંડો અને નિયમિત બને છે. આનાથી ફેફસાંની ક્ષમતા વધે છે અને શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ સુધરે છે. આ પ્રક્રિયા શ્વાસનિયંત્રણ માટે પણ લાભદાયક છે.

શિક્ષાપત્રીના ઉપદેશો આધુનિક જીવનશૈલીની કેટલીક મુખ્ય સમસ્યાઓનો ઉકેલ પૂરો પાડે છે. અહીં કેટલાક વ્યવહારુ ઉદાહરણો છે:

ડિજિટલ વ્યસન અને મનની શાંતિ

આજના યુગમાં, સ્માર્ટફોન અને સોશિયલ મીડિયાનું વ્યસન એક મોટી સમસ્યા છે, જે માનસિક તણાવ વધારે છે. શિક્ષાપત્રીમાં વ્યસનોનો ત્યાગ કરવાની આજ્ઞા છે. આ નિયમને ડિજિટલ વ્યસન પર પણ લાગુ કરી શકાય છે.

ઉદાહરણ : દરરોજ સવારે અને રાત્રે, ફોનનો ઉપયોગ મર્યાદિત કરવો. શિક્ષાપત્રીમાં જણાવ્યા મુજબ, પૂજા અને ધ્યાન માટે સમય ફાળવવાથી મનને શાંતિ મળે છે. આજના યુગમાં તે ડિજિટલ ડિટોક્સ તરીકે કામ કરી શકે છે.

સ્ટ્રેસ મેનેજમેન્ટ અને નકારાત્મકતા

વ્યવસાયિક અને વ્યક્તિગત જીવનમાં તણાવ સામાન્ય છે. શિક્ષાપત્રીમાં ક્રોધ, લોભ અને ઈર્ષાનો ત્યાગ કરવાની સલાહ છે. આ ગુણોને નિયંત્રિત કરવા માટે...

ઉદાહરણ : જો કોઈ વાત પર ગુસ્સો આવે, તો તરત પ્રતિક્રિયા આપવાને બદલે થોડો સમય શાંત રહેવું. શિક્ષાપત્રીમાં દર્શાવેલ ધર્મ, ભક્તિ અને સત્સંગ આંતરિક શાંતિ જાળવવામાં મદદ કરે છે, જે આધુનિક યુગમાં માઈન્ડફુલનેસ અને મેડિટેશન સમાન છે.

આહાર અને પોષણ

ખોરાકમાં ભેળસેળ અને ફાસ્ટફૂડનું ચલણ વધ્યું છે. શિક્ષાપત્રીનો શુદ્ધ આહારનો નિયમ અહીં ખૂબ જ પ્રસ્તુત છે.

ઉદાહરણ : બજારમાંથી ખરીદેલા તૈયાર ખોરાકને બદલે ઘરે બનાવેલા સાત્વિક ખોરાકને પ્રાધાન્ય આપો. શિક્ષાપત્રીમાં ગાળીને પાણી પીવાનો નિયમ સ્વચ્છતા અને આરોગ્ય માટે સીધો લાભદાયી છે. આ સિદ્ધાંતને આધુનિક ફિલ્ટરવાળા પાણીના ઉપયોગ સાથે જોડી શકાય છે.

સામાજિક જવાબદારી અને પર્યાવરણ

શિક્ષાપત્રી માત્ર વ્યક્તિગત જીવન સુધી સીમિત નથી, પરંતુ તે સામાજિક જવાબદારી પણ શીખવે છે.

ઉદાહરણ : જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવાના નિયમો, વર્તમાન સ્વચ્છ ભારત અભિયાન સાથે સુસંગત છે. તે જ રીતે, કુદરતી સંસાધનો, જેમ કે પાણીનો દુરુપયોગ ન કરવાનો ઉપદેશ, પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરણા આપે છે.

આમ, શિક્ષાપત્રીના ઉપદેશો આધુનિક જીવનશૈલીના પડકારોનો સામનો કરવા માટે એક અસરકારક માર્ગદર્શન પૂરું પાડે છે.

ક્યારેક મને વિચાર આવે છે કે મહારાજ વર્તમાનકાળે શિક્ષાપત્રી પોતાના ભક્તોને આપે તો એમાં કયા નિયમો હોય?

શિક્ષાપત્રીમાં સંભવિત નવા નિયમો

ડિજિટલ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ...

આજના યુગમાં, ડિજિટલ ઉપકરણો અને સોશિયલ મીડિયા જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. આ પ્લેટફોર્મ્સ ભક્તિ અને જ્ઞાનપ્રચાર માટે ખૂબ ઉપયોગી છે; પરંતુ તે વ્યસન, નકારાત્મકતા અને અનૈતિકતાનું કારણ પણ બની શકે છે.

સંભવિત નિયમ : તેઓ સોશિયલ મીડિયાનો ઉપયોગ સાત્વિક અને સકારાત્મક પ્રચાર માટે જ કરવાની આજ્ઞા આપી શકે છે. અનૈતિક કન્ટેન્ટ જોવું, ખોટી અફવાઓ ફેલાવવી અને સાયબર-બુલિંગ (ડિજિટલ રીતે હેરાનગતિ કરવી) પર પ્રતિબંધ મૂકી શકે છે. અને એકાદશીને દિવસે મોબાઈલનો ત્યાગ કરવો અથવા ડિજિટલ ઉપવાસ કરવો.

પર્યાવરણ અને પ્રદૂષણ

વર્તમાન સમયમાં પર્યાવરણ પ્રદૂષણ એક વૈશ્વિક સમસ્યા છે. શિક્ષાપત્રીમાં જળ અને કુદરતી સંસાધનોનો દુરુપયોગ ન કરવાનું કહેવામાં આવ્યું છે.

સંભવિત નિયમ : તેઓ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા, પાણી અને વીજળીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અને વૃક્ષો વાવવા પર ભાર મૂકી શકે છે. તેઓ પ્રદૂષણ ફેલાવતા કાર્યોથી દૂર રહેવાની આજ્ઞા આપી શકે છે, કારણ કે તે સજીવોના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે

આહાર અને આયુર્વેદ

આધુનિક જીવનશૈલીમાં ફાસ્ટફૂડ અને પ્રિઝર્વેટિવ્સવાળા ખોરાકનું ચલણ વધ્યું છે.

સંભવિત નિયમ : તેઓ પ્રિઝર્વેટિવ્સવાળા, અતિ-પ્રક્રિયા કરેલા ખોરાક અને પીણાંનો ત્યાગ કરવા પર ભાર મૂકી શકે છે. તેઓ આયુર્વેદ અને પ્રાકૃતિક ચિકિત્સાને પ્રોત્સાહન આપી શકે છે, જે શારીરિક સ્વાસ્થ્ય માટે લાભદાયક છે.

માનસિક સ્વાસ્થ્ય

આજના તણાવપૂર્ણ જીવનમાં માનસિક સ્વાસ્થ્ય એક મોટો પડકાર છે.

સંભવિત નિયમ : તેઓ ભક્તોને નિયમિતપણે ધ્યાન (મેડિટેશન) કરવા અને કથા-વાર્તા (સત્સંગ) દ્વારા મનને શાંત રાખવા માટે વિશેષ ઉપદેશ આપી શકે છે. તેઓ એકબીજાને ટેકો આપવા અને માનસિક રીતે નબળા લોકોને મદદ કરવા પર ભાર મૂકી શકે છે.

મારા માનવા પ્રમાણે આ સંભવિત નિયમો શિક્ષાપત્રીના મૂળભૂત સિદ્ધાંતો, જેમ કે અહિંસા, સદાચાર અને ભક્તિ પર આધારિત હોઈ, પરંતુ તે આધુનિક યુગની જરૂરિયાતોને અનુરૂપ હોઈ શકે. ભક્તો, આપ પણ વિચારીને કહો કે મહારાજ થોડા નવા નિયમો આપે તે કેવા હોઈ શકે?

શિક્ષાપત્રીની ટકોર

- સાંખ્યયોગી ધરતીબેન

શિક્ષાપત્રી એટલે શ્રીજી મહારાજે પોતાની કરૂણાથી નીતરતા હૃદયે પોતાના આશ્રિતો માટે લખેલ પત્ર.

કારણ કે કોઈ પ્રશ્ન પૂછે ત્યારે જવાબ તો બધા આપે, પરંતુ કોઈ પણ પ્રશ્ન વગર જ જ્યારે સામેના વ્યક્તિઓના હિત થાય એવા આશયથી કાંઈ લખવામાં આવે એ નિષ્કામ, નિઃસ્વાર્થ પ્રેમ સિવાય બીજુ કાંઈ ન હોય.

શ્રીજી મહારાજે ફક્ત કોઈ વ્યક્તિવિશેષ માટે નહીં, પરંતુ સર્વવ્યાપકતા દર્શાવતા સર્વનું મંગળ થાય એવા આશયથી શિક્ષાપત્રીનું લેખન કર્યું છે. શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે લખ્યું છે કે, આ શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તશે એ આ લોકમાં અને પરલોકમાં પરમ સુખિયા થશે.

શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે સદાચારી મનુષ્ય બની ભગવદ્ ભક્ત બનવાનું શીખવ્યું છે. સદાચાર એટલે માનવધર્મ વગરની એકલી ભક્તિ નિષ્ફળ છે, એવું દર્શાવે છે. એટલે કે માનવધર્મ, અહિંસા, બ્રહ્મચર્યાદિક ધર્મનું પાલન કરીને જ ભાગવતધર્મ સિદ્ધ કરી શકાય છે, એવું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે. અને હા! ભાગવત ધર્મ એ અચલ સનાતન ધર્મ છે.

એટલે જ તો કહેવાનું મન થાય,

શિક્ષાપત્રી એટલે ગાગરમાં સાગર.

શિક્ષાપત્રી એટલે સદાચારનું સરનામું.

શિક્ષાપત્રી એટલે પૂર્ણ પુરુષોત્તમનારાયણની પરાવાણી.

શિક્ષાપત્રી એટલે ભવસાગરમાં ભૂલા પડેલા વ્યક્તિને રસ્તો બતાવતું હોકાયંત્ર.

શિક્ષાપત્રી એટલે સ્વામિનારાયણ સંપ્રદાયનું ધર્મશાસ્ત્ર અને સાડા ત્રણસો શાસ્ત્રોનો સાર.

શ્રીજી મહારાજ શિક્ષાપત્રીના ૧૬૧મા શ્લોકમાં કહે છે,

નરેક્ષ્યાનાભ્યૂરુકુચાઽનુત્તરીયા ચ નો ભવેત્।
સાધ્વી સ્ત્રી ન ચ ભણડેક્ષા ન નિર્લજ્જાદિસઙ્ગિની ॥૧૬૧

અર્થાત : પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે તેમ ન વર્તવું અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું અને ભાંડ ભવાઈ જોવા ન જવું. અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામીની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ તેમનો સંગ ન કરવો.

આ એક શ્લોકમાં જ શ્રીજી મહારાજ આપણને ઘણી બધી રીતે સાવધાન કરે છે.

વસ્ત્રપરિધાનમાં વિવેક બાબતની આજ્ઞા :-

યસ્મિન પરિહિતેઽપિ સ્યુદૃશ્યાન્યઙ્ગાનિ ચાત્મનઃ।
તદ્વૃષ્યં વસનં નૈવ પરિધાર્યં મદાશ્રિતૈઃ ॥૩૮

પોતાનાં અંગ યોગ્ય રીતે ઢંકાય એ રીતે મર્યાદામાં વસ્ત્રો પહેરવાં એ સૌથી મોટો સદાચાર છે. એમાં પણ પુરુષોથી અધિક મહિલાઓ પોતાના વસ્ત્રની બાબતમાં વધુ સભાન બને એ અત્યારના સમયની માંગ છે. પૃથ્વી ઉપર એક વર્ગ એવો છે જે મહિલાઓને બુરખામાં રાખે છે અને બીજો વર્ગ એવો છે જે સ્ત્રીઓને વધુ પડતી છૂટછાટ આપે છે. જો પવન વધુ હોય તો પણ પતંગ ચડતો નથી અને પવન સાવ ઓછો હોય તો પણ પતંગ ચડતો નથી એટલે સમ્યક પવન જરૂરી છે. એમ સ્ત્રીઓને જેટલી જરૂરી છે એટલી મર્યાદા હોય તો છેડતી, બળાત્કાર જેવા કિસ્સાઓ ઓછા થઈ શકે છે. અત્યારે સમાજમાં આ પ્રકારના કિસ્સાઓ બને છે એમાં સ્ત્રીઓએ કપડાંની બાબતમાં જે વધુ પડતી છૂટ લીધી એ પણ જવાબદાર છે.

એક જમાનામાં રડતું બાળક એની જનેતાના પાલવને પકડી લેતું હતું અને અત્યારે નાનકડું બાળક પોતાની જનેતાના વસ્ત્ર સુધી પહોંચી શકતું નથી, કારણ કે વસ્ત્ર એટલા ઊંચે હોય છે! વસ્ત્રો જેટલા ટૂંકા એટલા મર્યાદાનો ભંગ થાય છે. પરંતુ આજે સ્ત્રી હોય કે પુરુષ એ બેમાંથી

કોઈ વસ્ત્ર પહેરતું નથી પણ ફેશન પહેરે છે. વસ્ત્ર ઉપરથી ઘણીવાર વ્યક્તિ સ્ત્રી છે કે પુરુષ એ પણ નક્કી કરવું કઠિન થઈ જાય!

માણસની વાણી અને વસ્ત્ર એના વ્યક્તિત્વનું પ્રમાણ આપતા હોય છે. જે અત્યંત કામી, રજોગુણી અને વિલાસી માણસો હોય છે તે પોતાના અંગ ઉઘાડા રહે એવા અને પારદર્શક વસ્ત્રો પહેરતા હોય છે. આજથી સવા બસ્સો વર્ષ પહેલા લોકો વસ્ત્રની બાબતમાં આટલા બધા ઉદ્ધત ન હતા ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે વસ્ત્ર બાબતે સંયમ રાખવાની આજ્ઞા કરી હતી. એ અત્યારે વધુ પ્રસ્તુત બની ગઈ છે. આમ, મર્યાદામાં વસ્ત્ર પહેરવા એ પણ એક અગત્યનો સદાચાર છે. માણસની વાણી, વર્તન, વસ્ત્ર મર્યાદામાં હોય તો એ સદાચાર છે, અન્યથા દુરાચાર છે.

જ્યારે શ્રીજી મહારાજ વસ્ત્રવિવેકની વાત કરે છે ત્યારે શરીરના કેટલાક ભાગમાં કામનો વાસ હોય છે. શરીરનો એ ભાગ જ્યારે ખુલ્લો રાખવામાં આવે ત્યારે બીજાની નજરોમાં કામવાસના ઉત્પન્ન થાય છે.

મનોવૈજ્ઞાનિક રીતે પણ સમજવા મળે કે, જ્યારે મનુષ્યના મન ઉપર કામવાસના હાવી થાય છે ત્યારે તે નિર્લજ્જ બની જાય છે. એક નિર્લજ્જ મનુષ્ય બળાત્કાર જેવા કુકર્મો કરતા પણ અચકાતો નથી અને એ બળાત્કારનો ઉપભોગ વસ્ત્રવિવેક ન રાખનારી સ્ત્રીને જ બનવું પડે છે.

આજથી બસો વર્ષ પહેલા શ્રીજી મહારાજે આવી આજ્ઞા કરી કે જ્યારે સ્ત્રીઓમાં ખૂબ મર્યાદા હતી, આવા વસ્ત્રો પહેરવાનો તો વિચાર શુદ્ધા પણ ન કરતી એટલે તો કહેવાનું મન થાય કે શ્રીસ્વામિનારાયણ ભગવાન એ આજકાલનું નહિ પરંતુ ભૂત, ભવિષ્ય, વર્તમાન અને એનાથી પણ પાર જાણનારા હતા. અત્યારનાં જમાનામાં જો આ આજ્ઞાનું પાલન દરેક સ્ત્રીઓ કરે તો કેટલા બધા વિઘ્નોથી બચી જતી હોય છે.

એટલે જ તો શ્રીજી મહારાજે અહીં સંયમિત અને શાલીન પોષાક પહેરવાની આજ્ઞા કરી છે.

અને અત્યારના જમાનામાં (લૌકિક જગતમાં) બધાને એમ થાય એવું કાંઈ ન હોય! હવે તો ફેશન છે! ફેશન પ્રમાણે તો રહેવું પડે ને! નહિતર આપણને કોઈ ગણે નહિ અને દેશી કહે. પણ એવું નથી, ફેશન કરવી એટલે ભૌતિકયુગના પોષાક પરિધાનની નવી રીતના બહાના આગળ ધરીને અભદ્ર પોષાક પહેરીએ તે યોગ્ય નથી.

સંગવિવેક :

હજાર શ્રેષ્ઠ કેરીની વચ્ચે પણ એક સડેલી કેરી મૂકીએ તે સડેલી કેરી સારી નથી થતી પણ, પેલી હજાર કેરી એક જ સડેલી કેરીના સંગે બગડી જાય એ વાત ચોક્કસ છે. જેથી, શ્રીજી મહારાજ કેવો સંગ કરવો અને કેવો સંગ ન કરવોએ બાબતે ટકોર કરે છે.

મનોરંજનના હેતુથી નિર્લજ્જ, કામિની તેમજ પુશ્ચલી એવી સ્ત્રીઓનો સંગ ક્યારેય ન કરવો. જો આપણું ચારિત્ર અને પ્રતિભા શુદ્ધ હશે તો બીજા સામેથી આપણો સંબંધ કેળવવા તત્પર બનશે, કારણ કે ચારિત્ર્યવાન અને સદ્‌ગુણી મનુષ્યોનો સંગ સૌ કોઈ ઈચ્છે છે.

યાજ્ઞવલ્ક્ય ઋષિએ મિતાક્ષરામાં કહ્યું છે, "જેનું આચરણ, વર્તન પતિવ્રતા સ્ત્રીને શોભતું હોય તે સ્વાચારા છે."

શંખઋષિએ શોભતા આચારની વાત કરતા કહ્યું છે, "વગર પૂછ્યે ઘર બહાર ન નીકળે, ઓઢણી વગર ન રહે, અત્યંત ઉતાવળે ન ચાલે, વેપારી, સંન્યાસી, વૃદ્ધ અને વૈદ્ય સિવાયના કોઈ પરપુરુષ સાથે બોલે નહીં, નાભિ દેખાય તેમ ન રહે, પગની ઘુંટી સુધીના વસ્ત્ર પહેરે, સ્તન ખુલ્લા ન રાખે, ખડખડાટ હસે નહિ, પતિ તથા તેના બંધુની સાથે દ્વેષ ન રાખે, વેશ્યા, ધુતારી, દુરાચાર માટે સ્ત્રી પુરુષનો સાંધો કરી દેનારી, જે તે જોવા માટે ઘૂમનારી, માયા મૂળક જાળ બિછાવી કપટ આચરનારી અને ખરાબ સ્વભાવવાળી આ બધી કહી તે સ્ત્રીઓની સાથે ક્યારેય એક સ્થળે રહે નહિ, કારણ કે દુશ્ચરિતના સંસર્ગથી શુદ્ધ વ્યક્તિનું ચરિત્ર પણ દુષિત થાય છે.

આમ મહાભારતમાં, મનુ મહારાજે મનુસ્મૃતિમાં, વિષ્ણુસ્મૃતિમાં, બ્રહ્મવૈવર્ત પુરાણમાં, નિર્ણય સિંધુમાં આવા વિવિધ ગ્રંથોમાં પણ શ્રીજી મહારાજની આ આજ્ઞા વિષે વિસ્તૃતમાં કહેલું છે. એટલે તો શિક્ષાપત્રીમાં સર્વશાસ્ત્રોનો સાર છે.

શિક્ષાપત્રીમાં આર્થિક વ્યવસ્થા માટેનું શિક્ષણ

-ડો. નમ્રતા મુકુંદ પટેલ
(સંસ્થાપિકા અને સંસ્કૃતાચાર્યા)
નમસ્તે સંસ્કૃત ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ

શું પૈસા કમાવા જરૂરી છે ? (Is earning necessary?)

આ સંસારમાં જન્મ લેતાં જ બાળક મોટો થઈ શું બનશે ? નોકરી કરશે કે પોતાનો કોઈ વ્યાપાર ? એના માટે બાળકના અભ્યાસ માટે નાનપણથી જ સારાં વિદ્યાલય, મહાવિદ્યાલય, વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ માટે માતા-પિતા એને તૈયાર કરતાં હોય છે.

ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર પુરુષાર્થો છે. એમાં મોક્ષ એ પરમાર્થ એટલે પરમ લક્ષ્ય છે. એમ છતાં અર્થ ઉપાર્જનનો પણ શાસ્ત્રોમાં ખૂબ મહિમા છે. તૈત્તિરીયોપનિષદ્‌ની શિક્ષાવલ્લીમાં આચાર્ય અન્તેવાસી શિષ્યને કહે છે - "भूत्यै न प्रमदितव्यम्।" અર્થાત્ ભૂતિથી ક્યારે પ્રમાદ ના કરતો, એટલે સમૃદ્ધિની ઉપેક્ષા ન કરાય. આર્થિક અને ભૌતિક પ્રગતિથી વિમુખ ન થતો.

આચાર્ય કૌટિલ્યના શબ્દોમાં "सुखस्य मूलं धर्मः, धर्मस्य मूलम् अर्थः।" સુખનું મૂળ ધર્મ છે અને ધર્મનું મૂળ અર્થ (ધન) છે. માટે પોતાનાં દેહનું, દૈહિક અર્થાત્ ઘર-પરિવારનું, સમાજનું, રાષ્ટ્ર આદિનું પોષણ કરવાં ધન પરમાશ્યક છે. ધનનું ઉપાર્જન કરતાં કરતાં યોગ્ય પાત્રોમાં દાનથી ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક પ્રગતિનાં કાર્યો થાય છે.

શું ધાર્મિક ગ્રન્થમાં નાણકીય શિક્ષા હોય ? (Can financial literacy be there in a spiritual treatise?)

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનું દર્શનશાસ્ત્ર એટલે 'વચનામૃત' અને ધર્મશાસ્ત્ર એટલે 'શિક્ષાપત્રી'. શ્રીમદ્ સત્સંગિજીવનગ્રન્થનાં ચતુર્થ પ્રકણનાં ચુમ્માલીસમા અધ્યાયમાં શ્રીશિક્ષાપત્રી પ્રાપ્ત થાય છે. "लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान्।"

વસંતપંચમીનાં પાવન દિવસે સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણ વૃત્તાલયમાં સ્થિત થઈ પોતાના આશ્રિતજનો પ્રત્યે નાનકડી પણ ગહન શ્લોકરૂપે વિધિ-નિષેધ આદિ જીવન જીવવાની શૈલી બતાવી. અનેક સત્શાસ્ત્રનો સાર શિક્ષાપત્રીમાં પ્રગટ કર્યો.

નામ પ્રમાણે જ, સહજ આનંદ આપનારા સહજાનંદ સ્વામી દ્વારા સહજ પ્રકારે આશ્રિતોને ધર્મ, અર્થ, કામ, મોક્ષ અંતર્ગત સર્વપ્રકારનાં સુખ અર્થે ધન-સંબંધિત શિક્ષા આપી છે, જે ગહન અર્થશાસ્ત્રો **Economics** નો સાર છે. એમાંથી આપણે જે જે સ્થાને શ્રીજી મહારાજ દ્વારા અર્થવ્યવસ્થા શીખવવામાં આવી છે, તેનું અવલોકન કરતાં કરતાં આજે સમીક્ષા કરીએ. જેનાથી સહજ મહારાજની આજ્ઞા પાળતાં પાળતાં આપણે આર્થિક સ્વતંત્ર રહી, તણાવ મુક્ત રહી, સુખેથી ભગવાન ભજવામાં પ્રવૃત્ત થઈ શકીએ.

બીજું એ કે ચારે આશ્રમોમાંથી ગૃહસ્થાશ્રમને ધન્ય કહ્યો છે, કારણ કે ગૃહસ્થ વર્ગ જ અન્ય આશ્રમોનું પોષણ કરવામાં સમર્થ છે. માટે ગૃહસ્થોને લક્ષ્યમાં રાખીને શિક્ષાપત્રીની આર્થિક બાબતની સમીક્ષા કરીશું.

૧. નીતિપૂર્વકની આવક (Ethical Wealth Acquisition)

શ્રીસહજાનંદ સ્વામી કહે છે કે, મારા આશ્રિતો પોતપોતાનાં વર્ણ-આશ્રમ અનુસારે ધર્મ રાખે અને ક્યારે પણ ધર્મનો ત્યાગ ન કરે. ધર્મ કેવલ **'Religion'** માટેનો શબ્દ નથી. વાસ્તવમાં તો ઘણા એવા સંસ્કૃત શબ્દો છે, જે સાક્ષાત્ અન્ય ભાષામાં અનુવાદ નથી કરી શકાતા. ધર્મ અહીં **'Responsibilities & Duties'** 'કર્તવ્ય અને

દાયિત્વ' માટે કહે છે.

स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित्।
परधर्मो न चाचर्यो न च पाखण्डकल्पितः॥

(શિ.પ.૨૪)

૨. આવક પ્રમાણે જાવક કરવી (Spending Within Means)

આવી રીતે નૈતિકરૂપે પ્રાપ્ત થયેલ આવકથી આગળ સહજાનંદ સ્વામીએ આશ્રિતોનાં ધન-સંચય (Savings) વિશે આવક અનુસારે ખર્ચ કરવું, એની આજ્ઞા આપી. આવકથી અધિક ખર્ચ થાય તો મહાન દુઃખ થશે એવું પણ સમજાવ્યું...

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा।
अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम्॥ (શિ.પ ૧૪૫)

લૌરા શિનનાં શબ્દોમાં **"The Only 3 Money principles you need to know: First, Spend less than you earn. Second, invest as early as you can. Third- Earn more" (Forbes Signature Series)** અર્થાત "બધાને આ ત્રણ આર્થિક સિદ્ધાંતો જરુર જાણવાં - પહેલું, જે કમાવ એનાથી ઓછા ખર્ચા કરો. બીજું, યથાશક્તિ યોગ્ય જગ્યાએ રોકાણ કરો. ત્રીજું, વધારે કમાવાનું લક્ષ્ય રાખો." પોતાના જીવનનિર્વાહ માટે જરુરી હોય તેટલાં ધનનો ખર્ચ કરવો, એમાં કંજુસાઈ કરવી નહીં. આ રીતે કરવાથી આર્થિક-ચિંતાથી મુક્ત રહેશું.

૩. આવક-જાવકનો હિસાબ (Account Recordkeeping) -

द्रव्यस्यायो भवेद्यावान् व्ययो वा व्यावहारिके।
तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम्॥ (શિ.પ ૧૪૬)

આ આજ્ઞાના એક-એક શબ્દ બહુ સમજી-વિચારીને લખાયેલાં છે. એક તો વ્યવહારમાં આવક અને જાવક (Income & Expenses) યાદ કરીને લખવા. એ પણ દરરોજ, પોતે પોતાનાં હસ્તે અને સારા અક્ષરોથી. બીજાને આપણા વતી આ દાયિત્વ આપવામાં આવે, તો ચાલાક સ્વભાવ વાળાથી સંદેહપૂર્ણ હિસાબ થવાનો ભય રહે છે. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં પણ વ્યવસ્થિત લેખાકરણનો ઉલ્લેખ છે, એ પણ દૈનિક-સામાહિક-માસિક -ત્રૈમાસિક અને વાર્ષિકપણે.

આ રીતે ખર્ચાઓનું નિરીક્ષણ કરી, યથાયોગ્ય સ્થાને વપરાશ તથા વ્યર્થ સ્થાને વપરાશને નિયંત્રણમાં રાખી શકાય છે. વધુ જરૂરિયાત ઊભી થતી હોય તો વધારે આવક માટેનાં સાધનોનો પણ વિચાર કરી શકાય. આ રીતે એક આજ્ઞાથી જ પ્રભાવિત રૂપે નિરીક્ષણ કરવું જીવનમાં ખૂબ ઉપયોગી થઈ રહે છે.

૪. સાક્ષીસહિત લેખ (Document with evidence)

ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनाऽपि च।
भूवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित्॥
कार्ये वैवाहिके स्वस्यान्यस्य वाऽर्ध्यधनस्य तु।
भाषाबन्धो न कर्तव्यः ससाक्ष्यं लेखमन्तरा॥

(શિ.પ. ૧૪૩-૧૪૪)

ગમે એટલા નજીકના સંબંધ કેમ ન હોય, તો પણ ક્યારેય મૌખિક રીતે આર્થિક વ્યવહાર ન કરવા. ફક્ત મૌખિક રીતે વ્યવહાર કરવામાં વિશ્વાસઘાતની સંભાવના રહે છે. પૈસાની બાબતમાં કોઈ કોઈનું સગું નથી. માટે સહજાનંદ સ્વામી કહે છે કે, વિવાહ પ્રસંગ હોય કે જમીન, ઘર, ખેતર આદિ મિલકત હોય, કે ધન, આભૂષણો, વાહન આદિનું આદાન-પ્રદાન હોય; તેમાં પણ પુત્ર-મિત્ર-વેવાઈ વગેરે સાથે પણ સાક્ષીએ સહિત લખાણ કરવું.

એ જ આજની સરકાર પણ કહે છે કે **Bill** વગર કોઈ પણ વસ્તુની ખરીદી કરવી નહીં. આજના સમયમાં જ્યારે કોઈ આર્થિક વ્યવહાર (Transactions) કરીએ ત્યારે પણ ડિજીટલ માધ્યમ **QR code**થી પૈસાનું આદાન-પ્રદાન કર્યા પછી પેમેંટ સ્ક્રીનશોટ મોકલીએ છીએ, જે આજના કાળનું પ્રમાણિત લખાણ કહેવાય.

૫. થાપણ અને બિનજરૂરી લોનનો ત્યાગ (Avoiding Deposit & Unnecessary Loan)

भिक्षयापदतिक्रम्या न तु कार्यमृणं क्वचित् ॥

(શિ.પ. ૧૨૫)

એ જ રીતે ઉલ્લેખ છે કે વ્યવહારકાર્ય વિષે કોઈનું પણ જમાનગરૂં ન કરવું. બધાં જ વ્યાવહારિક કાર્યોમાં કોઈનું પ્રતિનિધિ ન કરવું કે 'આ ભાઈ પૈસા ન આપી શકે તો હું આપીશ.' બીજું, ક્યારેય ઋણ (Loan) કરજ ન કરવું. આપત્કાળે ભિક્ષા શ્રેષ્ઠ છે, પણ ઋણ નહીં. ઋણ ચૂકવ્યા વગર મરણ થાય તો અધિકઘણું પાપ થાય.

स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् ।

ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूषांशुकादि च ॥

(શિ.પ. ૧૫૦)

ઋણ લેવું જ પડે એવું હોય તો આચાર્યનું અને મંદિરનું ઋણ ન લેવું. ખાસ કરીને, મંદિરમાંથી ઘણી વખત બીન ઉપયોગી પદાર્થ, વાસણો, વસ્ત્રો, આભૂષણો આદિ પોતાના વ્યવહાર માટે પણ ન લઈ જવાય, ન ઉપયોગમાં લેવાય. અંગિરા ઋષિ કહે છે કે - 'દેવ અને ગુરુનાં દ્રવ્યો વિષની જેમ દૂરથી ત્યાગી દેવા.' ગુરુદેવાદિ સ્વયં વસ્તુઓ વિના પ્રત્યાર્પણના ભાવે, ભક્તોને આપે તો એ લેવામાં દોષ નથી. શિ.પ.૧૭ શ્લોકમાં પણ 'આજ્ઞા વિના કોઈ પદાર્થ જે તે ધણીને પૂછ્યા વિના લેવું નહીં,' એ કહેલું જ છે.

અતિ મહત્ત્વનું न गोप्यमृणशुद्ध्यादि व्यवहार्यं न दुर्जनैः । (શિ.પ. ૧૫૨) ઋણ લેવું પડે તો ઋણ છુપાવવું નહીં. સાક્ષી સહિત ઋણશુદ્ધિ (Repayment of loan) પણ કરવી અને ખાસ કરીને દુર્જનો સાથે આર્થિક વ્યવહાર (No dealings) ના રાખવો.

૬. આપત્કાળે આર્થિક વ્યવસ્થા (Emergency Fund)-

રામાનંદ સ્વામીથી માંગેલા વરદાનમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે, "અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય, એ બે વર મને આપો." પણ આપત્કાળ આવે માટે તૈયારી કરતાં અન્ન-ધનનો સંગ્રહ કરવાની આજ્ઞા આપી, ન કેવળ પોતા માટે, પરંતુ પાળેલાં પશુઓ માટે પણ. ધનનો સંગ્રહ (Savings) અને ધાન્યનો સંગ્રહ આપત્કાળે લાભકારી થાય છે, જ્યારે દરેક વસ્તુની ડિમાંડ વધારે હોય અને સપ્લાય ઓછું.

यथाशक्ति यथाकालं सङ्ग्रहोऽन्नधनस्य तैः ।

यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥

(શિ.પ. ૧૪૧)

નારી ભક્તો માટે સદા સમભાવ વિચારીને વિધવા સ્ત્રીની વિશેષ ચિંતા કરી મહારાજ કહે છે, પહેલા પોતાના જીવન-નિર્વાહ માટે પૂરતું ધન રાખવું, બધું દાન ના કરી દેવું, કારણ કે પોષણકર્તા-ભર્તા રહિત નારીને ધનની રક્ષા કરવી. આજીવન નિર્વાહ માટે પર્યાપ્ત ધન થઈ જાય પછી વધારે હોય તો જ દાન આપવું.

धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् ।

देयं ताभिर्न तत् क्वापि देयं चेदधिकंतदा ॥ (શિ.પ. ૧૬૭)

૭. કર્મચારીનું કલ્યાણ (Employee Welfare)

શ્રીસ્વામિનારાયણ ભગવાનના આશ્રિતો તો નૈતિકરૂપથી વ્યવસાય કરે છે તથા એમના કર્મચારી વર્ગ પણ સુખી રહે છે, કારણ કે પ્રથમ તો કર્મચારીની નિયુક્તિ નૈતિકરૂપથી થાય છે.

यादृशैर्यो गुणैर्युक्तस्तादृशे स तु कर्मणि ।

योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन ॥ (શિ.પ. ૬૬)

શિક્ષાપત્રીમાં આજ્ઞા છે કે જે જેવા ગુણે યુકત (Eligibility) હોય એ અનુસારે જ જે તે કર્મમાં નિયુકત કરવા, જેનાથી ભલામણપત્રથી અથવા લાંચ લઈને મોટાભાગે નોકરી આદિ મળતી હોય છે. જો કે "लुञ्चा ग्राह्या न कस्यचित्" (શિ.પ. ૨૬) આ પણ સ્પષ્ટપણે નિર્દિષ્ટ છે. પરિચારક સેવકવર્ગ રાખ્યા

હોય તો એમને નક્કી કરેલા પૈસા પણ આપવા - "प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत् कर्मकारिणे ।" (શિ.પ. ૧૫૨) એટલું જ નહીં, સેવકવર્ગને અન્ન-વસ્ત્રાદિથી યથાયોગ્ય યથાધન સદા સાચવવા, તિરસ્કાર ક્યારેય ન કરાય.

अन्नवस्त्रादिभिः सर्वैः स्वकीयाः परिचारकाः ।
सम्भावनीयाः सततं यथायोग्यंयथाधनम् ॥
(શિ.પ. ૬૭)

કોણ કહે છે કે હવે રાજાઓનો સમય નથી રહ્યો. રાજા અનેક રૂપમાં દેખાય છે. આપણે બધા પોતપાતાનાં ક્ષેત્રોમાં - ઘર, પરિવાર, સમાજ, વર્ગ, શાળા, કોલેજ, ઓફિસ, સંસ્થા કે પછી ગ્રામ, રાજ્ય, રાષ્ટ્ર આદિમાં રાજા **(Head/ Boss/ Employer)** છીએ. "प्रजाः स्वाः पुत्रवत्पाल्याः"(શિ.પ. ૧૫૭)

૮. ધર્માદા વિશે (Religious Donations)

निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः ।
अर्प्यो दशांशः कृष्णाय विंशोंऽशस्त्विह दुर्बलैः ॥
(શિ.પ. ૧૪૭)

નૈતિકતા અને પરિશ્રમથી પોતાને પ્રાપ્ત થયેલ ધન-ધાન્યાદિથી દશાંશ (૧૦%) કૃષ્ણને અર્પણ કરવો, અસમર્થ હોય તો વિશાંશ (૫%) કાઢવો. આવું કરવાથી આવકમાં વૃદ્ધિ થાય છે અને ધનલાભથી અહંકાર નથી આવતો અને આપણા પ્રાણસમાન ધાર્મિક-કાર્યોને પોષણ મળે છે. અહીં ઉલ્લેખનીય છે કે પોતાની ઉપજથી જ આપવું. પ્રથમ જાતે કમાવીએ પછી આપીએ. આ કથનમાં જ કાળાં ધન **(Black Money)**ની આવક અને એનાથી દાન બન્નેનું નિષેધ સ્વયં સ્પષ્ટ થઈ જાય છે.

૯. સામાજિક દાન (Giving back to the Society) -

આવક આવે પણ કેવળ પોતા માટે ન વપરાય, બીજાને આપીને ભોગવાય. માટે દાન સમાજના ઉદ્ધાર માટે હોવું જોઈએ. જેથી હરિભક્તો સતત વિવિધ પ્રકારનાં દાન કરે છે; જેનાથી વિદ્યાદાન, પાઠશાળાનાં સ્થાપન દ્વારા સદ્વિદ્યા-પ્રવર્તન કરવું, આચાર્યોનું અન્ન-ધન-વસ્ત્રથી યથાશક્તિ પૂજન કરવું - આ બધી આજ્ઞાઓ શિક્ષાપત્રીમાં છે. (શિ.પ. ૧૩૨, ૭૧, ૩૭)

ભગવાનનાં મંદિરમાં અન્નાર્થી મનુષ્યને આદર સહિત જમાડવા, ઘરે આવેલા અતિથિને જમાડવા, દૈવ અને શ્રાદ્ધ-તર્પણ આદિ પિતૃકાર્ય કરવાં, તીર્થો માં અને ઉત્સવોમાં સાધુઓ અને બ્રાહ્મણોને જમાડવા, એ રીતે અન્નદાનની આજ્ઞાઓ છે. (શિ.પ. ૧૩૧, ૧૩૮, ૧૫૫)

આજીવન રોગાતુરની સેવા પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી (શિ.પા. ૧૩૯). એથી શ્રીસ્વામિનારાયણ મંદિરો અને સંસ્થાનો દ્વારા વિવિધ પ્રકારના ચિકિત્સાલયો દરિદ્રનારાયણની સેવા કરે છે. ધનિક ગૃહસ્થો ચિકિત્સાલયોમાં સાધનો, ઉપચારો આદિના દાતા **(Sponsors & Donors)** થાય છે. સાથે રક્તદાનાદિ શિબિરોનું આયોજન પણ થાય છે, જે મહારાજનાં વચને કરીને રોગાતુરની સેવાપ્રવૃત્તિ છે.

એ સિવાય સૂર્ય-ચંદ્રગ્રહણ પછી શક્તિઅનુસારે દાન, યોગ્ય બ્રાહ્મણોને વિવિધપ્રકારનાં દાન, દ્વારિકા આદિની તીર્થયાત્રા કરવી, દીનજનને વિષે દયાવાન થવું, આદિ આજ્ઞાઓ છે. (શિ.પ.૮૭, ૧૫૬, ૮૩)

૧૦. ફક્ત કમાવું એ પરમ લક્ષ્ય નથી (Wealth is not the ultimate Goal)

એક સાધારણ મનુષ્ય પોતાનાં જીવનનો લગભગ ૨૫-૩૦% ભાગ અભ્યાસ અને કમાણીની તૈયારીમાં **(Preparations)** અને લગભગ ૫૦-૫૫% સમય કમાણી કરવામાં **(Earnings)** અને છેલ્લે ૧૫-૨૦% સમય નિવૃત્તિમાં **(Retirement)** વિતાવે છે. આપણે એટલું સમજવાનું છે કે ધર્મ-અર્થ-કામ-મોક્ષ આ ચારે પુરુષાર્થોમાં મુખ્ય મોક્ષ છે. ક્યારેય પણ ધનઉપાર્જન પરમ લક્ષ્ય નથી, આમાં અટકી પણ નથી જવાનું. સાચું ધન આત્મજ્ઞાન છે, એટલે જ રાજા જનક એમ કહી શકે છે કે બળતી મિથિલા નગરીમાં મારું કાંઈ નથી બળતું. મારી પાસે તો મહાન ધન 'આત્મજ્ઞાન' છે - "मिथिलायां प्रदीप्तायां न मे किञ्चन दह्यते" એટલે પોતે પાતાની જરૂરિયાત પ્રમાણે લિમિટ નક્કી કરી મોક્ષ માટેનો સમય કાઢવો.

સારાંશ : લલાટમાં નિત્યશોભતાં લક્ષ્મીરૂપી કંકુ-ચાંદલાયુક્ત હરિભક્તો, વર્ષોથી આર્થિક બાબતે મહારાજની આજ્ઞા પાળી સુખી રહે છે. એમનેમ નથી કહેવાતું કે "સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તો પૈસેટકે સમૃદ્ધ હોય છે." શિક્ષાપત્રી અનુસારે આર્થિક બાબતમાં જે આજ્ઞાઓ છે, એના પાલનથી આપણે તણાવમુક્ત થઈ, આર્થિક સ્વતંત્રતા **(Financial independence)** ને પ્રાપ્ત કરી ધાર્મિક, આધ્યાત્મિક, શૈક્ષણિક, સામાજિક અને રાષ્ટ્રિય કાર્યો કરી શકીશું. આ અનુસંધાન રાખતાં રાખતાં જીવન જીવીએ, તો શ્રીજી મહારાજ રાજી થાય.

શિક્ષાપત્રી સુખદા

આજે હું તમારી સાથે મારા જીવનની એક હળવી, હૃદયસ્પર્શી અને સરળ વાત કરું છું. શિક્ષાપત્રીની વાત, જે મારા માટે એક પ્રેમભર્યા માર્ગદર્શક અને જીવનના સાથી જેવી છે. હું કોઈ વિદ્વાન કે મોટી વક્તા નથી, બસ એક સામાન્ય ગૃહસ્થ મહિલા છું. મારી જન્મભૂમિ છે અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાનું ઉમરિયા ગામ. એક નાનું, શાંત અને હરિયાળું ગામ, જ્યાં મારું બાળપણ વીત્યું. ત્યાંથી શરૂ થયેલા સત્સંગના સંસ્કાર આજે પણ મારા જીવનને આલોકિત કરે છે. આજે હું અમદાવાદમાં રહું છું અને વર્ષોથી સ્વામિનારાયણ ગુરુકુળ મેમનગર સાથે જોડાયેલી છું. ત્યાં મેં ઘણી બાલિકાઓને શિક્ષણ આપ્યું, બાળમંડળો ચલાવ્યા અને પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીની કથાઓ સાંભળીને જીવનના સારને સમજી. મારું કુટુંબ પણ સત્સંગી છે - પતિ, બાળકો અને સૌ સાથે મળીને ભગવાનની સેવા કરીએ છીએ. જીવનમાં ઘરના કામકાજ, રસોઈ, સાફસૂફી, બાળકોની સંભાળ આ બધું ચલાવવું પડે ને! અને હા, છેલ્લા કેટલાક વર્ષોથી કમરનો દુખાવો મને ત્રાસ આપે છે, જેના કારણે ક્યારેક ઝૂકીને કામ કરવું મુશ્કેલ થઈ જાય છે અથવા લાંબા સમય સુધી ઊભા રહેવું પડે તો વેદના વધે છે. તેમ છતાં, શ્રીજી મહારાજની શિક્ષાપત્રીએ મારા જીવનને એટલું સુખમય અને વ્યવસ્થિત બનાવી દીધું છે કે આ દુખાવો પણ હળવો લાગે છે અને હું તેને ભગવાનની કૃપા માનું છું. ચાલો, તમને મારા કેટલાક અનુભવો કહું, જેમાં શિક્ષાપત્રીના શ્લોકોને કેન્દ્રમાં રાખીને હું વ્યવહારિક જીવન જીવું છું.

આ વાતો સીધા મુદ્દા પર જ છે : કેવી રીતે શિક્ષાપત્રી મારા રોજિંદા વ્યવહારમાં સુખ આપે છે ? ખાસ કરીને જ્યારે શારીરિક અડચણો આવે ત્યારે. સૌથી પહેલા, મારા દિવસની શરૂઆત અને નિત્યકર્મની વાત આ શિક્ષાપત્રીના મુખ્ય મુદ્દા છે જે મને માનસિક શાંતિ આપે છે. બાળપણથી જ મને સંસ્કાર મળ્યા છે કે સવારે ઊઠીને ભગવાનનું સ્મરણ કરવું અને આજે પણ હું તેને અનુસરું છું. શિક્ષાપત્રીના શ્લોક ૪૯થી ૫૩માં શ્રીજી મહારાજ કહે છે કે,

प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः ।
विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ॥४९॥

સૂર્યોદય પહેલા ઊઠીને પ્રાર્થના કરો, દાંત સાફ કરો, ન્હાવો અને તિલક-ચંદલો કરીને ભગવાનની પૂજા કરો. આ નાની વાત મારા માટે મોટું સુખ છે!

ઘરમાં બાળકોને તૈયાર કરવા, નાસ્તો બનાવવો અને કુટુંબને જગાડવું. આ બધું ચાલે છે, પણ હું રોજ સવારે થોડો સમય કાઢીને આ કરું છું. આનાથી ઘરમાં પ્રેમ વધ્યો છે અને મારું મન શાંત રહે છે. તમને કહું, આજના વ્યસ્ત જમાનામાં, જ્યાં મહિલાઓને ઘરકામનો બોજ વધારે હોય, આ નાનો રૂટિન તમારા દિવસને મીઠાશથી ભરી દેશે અને શારીરિક અડચણોમાં પણ ભક્તિ જીવંત રાખશે!

બીજો મુદ્દો છે અહિંસા અને માનસિક સ્વસ્થતા. શિક્ષાપત્રીના શ્લોક ૧૧ અને ૧૨માં કહેવાયું છે કે,

कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः ।
सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥
देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् ।
न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ॥

કોઈ જીવને મારશો નહીં, અહિંસા જ પરમ ધર્મ છે. પહેલા ઘરમાં મચ્છર મારવા માટે સ્પ્રે વાપરતી. પણ શિક્ષાપત્રી વાંચીને સમજાયું કે અહિંસા જ મોટો ધર્મ છે. હવે હું નેટ લગાવું છું, અને શક્ય હોય ત્યાં જીવને બચાવું છું. આનાથી મારાં જીવનમાં એક અલગ જ કરુણા આવી છે. કુટુંબમાં પણ, જ્યારે ઝઘડો થાય ત્યારે ગુસ્સો કરવાને બદલે શાંત રહું છું, કારણ કે અહિંસા તો મનની પણ છે ને! એક વખત મારા પડોશી સાથે વિવાદ થયો, પણ આ નિયમ યાદ કરીને હું ચૂપ રહી અને પછી વાત વધી

નહીં. વ્યવહારમાં આટલું જ અપનાવો અને જુઓ કે તમારા સંબંધો કેટલા મધુર બને છે. પહેલા હું ગુસ્સો કરતી પતિ પર કે બાળકો પર, અથવા પોતાની જાત પર જ ચિડાઈ જતી.

શ્લોક ૧૬માં કહેવાયું છે કે,

अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा ।

अङ्गच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्चक्रुधाऽपि वा ॥

ગુસ્સામાં કોઈને નુકસાન પહોંચાડશો નહીં અને શ્લોક ૨૦માં અપશબ્દો કે કઠોર વાણી વર્જિત છે, આને અપનાવીને હું હવે શાંત રહું છું અને કહું છું, ×ભગવાન, તારી મરજી છે. આનાથી મારા સંબંધો મધુર બન્યા છે. ઉદાહરણ તરીકે, એક વખત દુખાવાને કારણે રસોઈમાં મદદ માંગી, અને પતિએ ખુશીથી કરી કારણ કે શ્લોક ૧૫૯માં કહેવાયું છે કે પત્ની પતિને ભગવાનની જેમ સેવે, પણ અમે બન્ને આને વ્યવહારમાં લાવીએ છીએ અને એકબીજાની અડચણોમાં મદદ કરીએ છીએ. આનાથી ઘરમાં વિવાદો ઘટ્યા છે અને જ્યારે દુખાવો વધે ત્યારે પણ હું માનસિક રીતે મજબૂત રહું છું. તમારા જીવનમાં પણ આને અજમાવો અને જુઓ કે નાની મુશ્કેલીઓ કેવી સરળ બની જાય છે ખાસ કરીને મહિલાઓ માટે, જેમને કુટુંબની જવાબદારીઓમાં આવા દુખાવા ત્રાસ આપે છે !

ત્રીજો મુદ્દો છે આર્થિક વ્યવસ્થા અને વ્યવહારિક જીવન આ શિક્ષાપત્રીના વ્યવહારિક મુદ્દા છે જે મને આર્થિક અને કુટુંબીય સુખ આપે છે. શ્લોક ૧૪૫માં કહેવાયું છે કે ખર્ચ આવક કરતા વધુ ન કરો અને શ્લોક ૧૪૬માં રોજનું હિસાબ લખો. અમે મધ્યમ વર્ગના છીએ અને ઘર ચલાવવું બાળકોના શિક્ષણ, ઘરના ખર્ચ અને મારા દુખાવાના ડોક્ટરી ખર્ચ પણ. પહેલા હું અનિયમિત ખર્ચ કરતી, જેનાથી તણાવ વધતો. પણ આ શ્લોક વાંચીને હું રોજ સાંજે નોટબુકમાં લખું છું - આજે કેટલું આવ્યું, કેટલું ગયું. જ્યારે કમરના દુખાવાને કારણે ડોક્ટર પાસે જવું પડે, તો આ હિસાબથી અમે પૈસા બચાવી રાખીએ છીએ અને અચાનકના ખર્ચમાં પણ તૈયાર રહીએ છીએ.

શ્લોક ૧૧૯માં કહેવાયું છે કે,

दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु ।

यथा स्वपररक्षा स्यात्तथा वृत्यं न चान्यथा ॥

મુશ્કેલીઓમાં સ્વયંને અને અન્યને રક્ષો. આને અનુસરીને હું દુખાવાના સમયે ઘરના કામમાં મદદ લઉં છું અને તેનાથી કુટુંબ વધુ જોડાયું છે. ઉદાહરણ તરીકે, ઘણા વર્ષો પહેલા જ્યારે દુખાવો વધ્યો અને હું ગુરુકુળમાં બાળમંડળ ચલાવી ન શકી, તો મેં ત્યાંની અન્ય બહેનોની મદદ માંગી અને તેનાથી મારું મન હળવું થયું.

શ્લોક ૧૪૭માં કહેવાયું છે કે,

निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः ।

अर्प्यो दशांशः कृष्णाय विंशोंऽशस्त्विह दुर्बलैः ॥

ભગવાનને આવકનો દસમો ભાગ અર્પણ કરવાનું કહેવાયું છે, જે અમે કરીએ. આનાથી આર્થિક તણાવ ઘટે છે અને ભગવાનની કૃપા અનુભવાય છે. ગુરુકુળમાં બાળમંડળો ચલાવતી વખતે પણ આ નિયમો મને મદદ કરતા. બાળકોને શિક્ષણ આપતી વખતે હું તેમને આ વાતો કહેતી. આજના મોંઘવારીના જમાનામાં આ મુદ્દા તમારા જીવનને વધુ વ્યવસ્થિત અને સુખી બનાવશે !

ચોથો મુદ્દો છે વ્રત-ઉપવાસ અને આધ્યાત્મિક તાકાત. શિક્ષાપત્રીના આધ્યાત્મિક મુદ્દા છે જે મને શારીરિક અડચણોમાં પણ મજબૂતી આપે છે. શ્લોક ૭૯માં.

एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् ।

कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम् ॥

એકાદશી અને અન્ય વ્રતોનું પાલન કરવાનું કહેવાયું છે, અને શ્લોક ૮૦માં,

उपवासदिने त्याज्या दिवानिद्रा प्रयत्नतः ।

उपवासस्तया नश्येन्मैथुनेनैव यन्नृणाम् ॥

તેમાં દિવસે સૂવું અથવા અન્ય વર્જિત ક્રિયાઓ વર્જિત છે. હું દરેક એકાદશીનું વ્રત કરું છું અને તેમાં ભગવાનનો નામજપ કરું છું. જ્યારે પીડા વધે, તો આ વ્રત મને માનસિક તાકાત આપે છે, કારણ કે શ્લોક ૮૫માં

भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् ।

जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ॥

કહેવાયું છે કે મુશ્કેલીઓમાં નારાયણ કવચ કે હનુમાનનું સ્મરણ કરો. ઉદાહરણ તરીકે, એક વખત દુખાવાને કારણે હું ઘરનું કામ કરી ન શકી, તો હું બેસીને ભગવાનના સ્તોત્રો ગાયા. જેમ કે શ્લોક ૫૭માં કહેવાયું છે કે સ્તોત્રો ગાવાથી ભગવાનની કૃપા મળે છે. આનાથી મારું મન પ્રસન્ન રહે છે, અને દુખાવો પણ ઓછો લાગે છે. ગુરુકુળમાં કથાઓ સાંભળીને આને વધુ મજબૂત કરું છું !

અંતમાં, આ તો બસ થોડા શ્લોકો છે જે હું રોજ વાંચન કરું છું. શિક્ષાપત્રીએ મારા વ્યવહારને એટલું સુખમય બનાવી દીધું છે કે કમરનો દુખાવો પણ એક આશીર્વાદ જેવો લાગે છે, કારણ કે તેનાથી હું વધુ ભગવાન પર નિર્ભર થઈ છું અને કુટુંબમાં પ્રેમ વધ્યો છે. શ્રીજી મહારાજનાં આ વચનો તમારા જીવનમાં પણ અપનાવો, અને જુઓ કે સુખ કેવું વરસે છે.

सेवा मुक्तिश्च गम्यताम्

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् ।

तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥

શિક્ષાપત્રીમાં ૧૨૧મા શ્લોકમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે, "અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે."

શ્રીમદ્ ભાગવતમાં ભગવાને કહ્યું છે કે...

सालोक्यसार्ष्टिसामीप्यसारुप्यैकत्वमप्युत ।

दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥ (3-29-13)

મારા જે એકાંતિક ભક્ત છે તેમને હું સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને એકત્વભાવને પામવું, આવી મુક્તિઓને આપું છું, છતા તે ગ્રહણ કરતા નથી.

સાલોક્ય = સમાન લોકમાં રહેવું.

સાર્ષ્ટિ = સમાન ઐશ્વર્ય ભોગ.

સામીપ્ય = સમીપમાં જ રહેવું.

સારૂપ્ય = સમાન રૂપ પામવું.

એકત્વ = બ્રહ્મનિષ્ઠ ભાવને પામવું.

મારાં ચરણકમળની સેવામાં લાગ્યા રહેતા અને મારી પ્રસન્નતા માટે જ બધી પ્રવૃત્તિ કરનારા કેટલાક મારા ભક્તો મારી એકાત્મતાને અર્થાત્ મારા સમાન ગુણ-યોગની સ્પૃહા રાખતા નથી.

જે ભક્તોનું મન ભગવાનની સેવામાં પ્રેમથી લાગ્યું રહે છે, તેમના માટે તો મોક્ષ પણ તુચ્છ વસ્તુ છે. તો પછી બીજા ભોગસુખની તો વાત જ શું કહેવી ? પોતાનો આત્મા મારા સ્વરૂપમાં, મારી સેવામાં જોડી દીધો છે તે બ્રહ્માનું પદ, દેવરાજ ઈન્દ્રનું પદ, ચક્રવતી સામ્રાજ્ય, રસાતળનું આધિપત્ય, અષ્ટાંગયોગથી મળતી સિદ્ધિઓ અને મોક્ષ સુદ્ધા મારા સ્વરૂપ સિવાય કંઈ જ ચાહતા નથી.

મારી સેવાથી પોતાને પરિપૂર્ણ માનનાર મારા એકાંતિક ભક્તો સેવાથી મળતી સાલોક્યાદિ ચતુર્ધા મુક્તિને પણ જો ચાહતા ન હોય, તો પછી કાળે કરીને નષ્ટ થઈ જતી બીજી વસ્તુને ચાહે જ કેમ ?

ઉદ્ધવજીએ કહ્યું છે કે, 'હે સ્વામિન્ ! આપનાં ચરણકમળની સેવા કરવામાં પુરુષોને આ સંસારમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાંથી કોઈ પણ પુરુષાર્થ દુર્લભ નથી. મને તેની કાંઈ ઈચ્છા નથી. હું કેવળ આપનાં ચરણકમળની સેવાની લાલસા રાખું છું.' ભગવાન પણ આવી પોતાની સેવા પરમ એકાંતિક ભક્તોને જ આપે છે, પણ સર્વ ભક્તોને નથી આપતા.

જ્યારે મનુષ્ય સમ્રગ કર્મોને ત્યાગ કરીને મારા વિશે આત્મસમર્પણ કરે છે, ત્યારે તે મારો વિશેષ માનનીય થઈ જાય છે. પછી હું તેનો જીવભાવ છોડાવી અમૃતસ્વરૂપ મોક્ષ આપું છું.

ભગવાનને ચરણે રહેલા જે એકાંતિક ભક્ત છે તે ભગવાનની પાસેથી કાંઈ પણ ઈચ્છા રાખતા નથી. જે ભક્તો નિષ્કામ ભાવથી ભગવાનની આરાધના કરે છે તે બીજી વસ્તુની તો વાત જ શું કહેવી પણ મોક્ષની પણ ઈચ્છા નથી કરતા. ભક્તિથી શાંતિ પામેલા ભક્તજનો તો પરમ પૂરૂષાર્થરૂપ આત્યાંતિક મોક્ષને પણ ચાહતા નથી તેઓ ભગવદીય છે. એટલે તેમના બધા જ પ્રયોજન સમાપ્ત થઈ ચૂક્યા હોય છે. ભગવાનનો એકાંતિક ભક્ત હોય તો પણ તે અંતે ભગવાન તો થતો જ નથી. ભગવાન એક જ છે આવું શ્રુતીઓમાં, સ્મૃતિઓમાં અને પુરાણોમાં ખૂબ જ પ્રતિપાદન કર્યું છે. ભગવાનનો ભક્ત ભગવાનના રાજીપાથી તેમના સમાન ઐશ્વર્યને પામીને તેમની સેવામાં તત્પર રહે છે. આ સિદ્ધાંતની વાત છે.

શ્રીજી મહારાજે આ શ્લોક દ્વારા કહ્યું છે કે એ ભગવાનની જે સેવા એને અમે મુક્તિ માનીએ છીએ.

"प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ।"

શ્રીજી મહારાજે જ્યારે શિક્ષાપત્રી ગ્રન્થ લખવાનો પ્રારંભ કર્યો ત્યારે પૃથ્વી ઉપર વસતા પ્રત્યેક જીવને લક્ષ્યમાં રાખ્યા છે. મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, "અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે અમે શિક્ષાપત્રીને લખીએ છીએ." શ્રીજી મહારાજે પ્રત્યેક જીવનો સ્વીકાર કરીને આપણી ઉપર બહુ મોટી કૃપા કરી છે. આપણે એ કૃપાને અવગણીશું તો એ શ્રીજી મહારાજનો અનાદર કર્યો કહેવાય. માટે મહારાજની કૃપાને આપણે બહુ મોટા મહિમાથી સ્વીકારીએ અને શિક્ષાપત્રી ગ્રંથની આજ્ઞાઓનું સારધાર પાલન કરીએ.

કેટલીક વખત વ્યવહારમાં આપણે એવો અર્થ કરીએ છીએ કે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત મનુષ્યો જ શિક્ષાપત્રી વાંચી શકે અને તેમની આજ્ઞા પાળી શકે, પરંતુ એવું નથી. શ્રીજી મહારાજની આ આજ્ઞાથી તદ્દન સ્પષ્ટ થાય છે કે મનુષ્યમાત્ર સત્સંગી છે અને ભગવાનને કોઈને પારકા ગણ્યા જ નથી. જ્યારે ભગવાને સર્વ જીવને પોતાના જ માન્યા છે અને આ આજ્ઞા સર્વના કલ્યાણ માટે જ છે.

ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ એમ કહેતા કે, ભગવાન શ્રીસ્વામિનારાયણે લખેલી શિક્ષાપત્રીને ભારતના બંધારણમાં રાખવામાં આવે તો કોર્ટ, પોલીસ સ્ટેશનની જરૂર જ ન પડે.

કોઈએ લખ્યું છે કે....

"विप्राणां भूषणं विद्या, पृथिव्यां भूषणं नृपः ।
नभसो भूषणं चंद्रः, शीलं सर्वस्य भूषणम् ।।"

'બ્રાહ્મણોનું ભૂષણ વિદ્યા છે, પૃથ્વીનું આભૂષણ રાજા છે, આકાશનું આભૂષણ ચંદ્ર છે, પરંતુ શીલ અર્થાત્ ચારિત્ર અથવા સદાચાર એ તમામ મનુષ્યનું આભૂષણ છે.

ઘણા વર્ષો પહેલા પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે આ સદાચાર અને ચારિત્રને ટકાવી રાખવા માટે શિક્ષાપત્રીના ૧૩૨મા શ્લોકની આજ્ઞાને લક્ષ્ય બનાવ્યું. એ આજ્ઞા હતી.....

"प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ।"

આ આજ્ઞાને લક્ષ્યમાં રાખી ગુરુદેવે ગુરુકુલ પરંપરાને પુનઃસ્થાપિત કરી. ગુરુકુલમાં સદાચાર અને ચારિત્રનું ઘડતર થાય છે. ગુરુકુલનો વિદ્યાર્થીના વિવેક-વર્તનની અલગ જ છાપ લોકોના માનસ પર પડે છે.

શાસ્ત્રોમાં અનેક પ્રકારના દાન બતાવ્યા છે, પણ અભયદાનના તોલે એક પણ ન આવે. કેમ જે દાનથી તો પુણ્ય ખૂટે એટલે પાછું જન્મ મરણની ઘટમાળામાં અથડાવવું પડે અને અભયદાનથી તો જન્મ મરણના ફેરા મટી જાય છે. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે....

"બીજા કોટી કોટી કરે દાન રે,
નાવે જીવ ઉદ્ધાર્યા સમાન રે,
જેથી જન્મ મરણ દુઃખ જાય રે,
પામે અભય પદ સુખી થાય રે.
એ તો પરમારથ મોટો ભારી રે,
સહુ જૂઓ મનમાં વિચારી રે,
એમ પોતે બોલ્યા પરબ્રહ્મ રે,
પૂર્ણકામ જે પુરુષોતમ રે."

સાધારણ પરિસ્થિતિ હોય, ગુરુકુલમાં ભણવા આવે. એક રૂપિયા લવાજમમાં ભણાવે. ગુરુકુલમાં વ્રત, તપ, ભજન કરતા કરતા ભગવાન હૈયામાં ઊતરી જાય અને પરિવાર પણ ભગવત્પ્રેમી બની જાય છે. એટલે તો કહ્યું છે કે - "ભણતરને બહાને આપે ભગવાન જૂઓ કામ ગુરુદેવના કેવા..."

આજે શિક્ષણ તો સર્વત્ર મળે જ છે, પણ શિક્ષણની સાથે સંસ્કાર આપી શ્રેષ્ઠ માનવનું ઘડતર થાય છે. ગુરુકુલે કેટલાય પરિવારનો ઠરતો દિવડો પુનઃ પ્રજ્વલીત કર્યો છે.

શ્રીજી મહારાજની આજ્ઞાને અનુસંધાનમાં રાખીને પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ગુરુકુલની શરૂઆત ન કરી હોત તો સંપ્રદાયમાં અને સમાજમાં દરિયા જેવડો ખાડો પડ્યો હોત!

|| સમાચાર દર્શન ||

અમદાવાદ ગુરુકુલ સુવર્ણ જયંતી મહોત્સવ ઉપક્રમે આયોજિત ૨૧ દિવસના મહાવિષ્ણુયાગના વિજય સ્તંભ સ્થાપન વિધિ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સદ્‌ગુરુ સંતો, યજમાનશ્રીઓ તથા ભક્તજનો

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે આયોજિત રાસોત્સવ પ્રસંગે રાસ દર્શન કરાવતા વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત ભક્તજનો

નાઈરોબીના પછાત વિસ્તારોમાં કચ્છ-સામત્રા હિન્દુ કોમ્યુનિટી દ્વારા ૫૦ જેટલી શાળાઓ બનાવવાના સંકલ્પ થયા છે. જેમાં ૨૯ શાળાઓનું નિરર્માણ થઈ ગયું છે. એક શાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા ભક્તજનો

રીબડા ગુરુકુલ ખાતે આયોજિત રાસોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સંતો, વિદ્યાર્થીઓ તથા ભક્તજનો

ગાંધી જયંતીના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ સફાઈ અભિયાનમાં પૂજ્ય સંતો, વિદ્યાર્થીઓ, ભક્તજનો દ્વારા સફાઈ

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી ગોવિંદભાઈ પુંજરામ પટેલ :- ગામ મુંદરડા, હાલ કેનેડા નિવાસી પ.ભ. શ્રી ગોવિંદભાઈ પટેલ તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલમાં આ પરિવારની સેવાઓ અવર્ણનીય છે. કિરણભાઈ વગેરે વર્ષોથી તન-મન-ધનથી સેવામાં જોડાઈ ગયા છે. આ પરિવારની સમજણ, નિષ્ઠા અને સેવા અજોડ છે. આવા પરિવારના ગોવિંદભાઈના અક્ષરવાસથી પરિવાર તથા સંસ્થા ભારે શોકની લાગણી અનુભવે છે. ભગવાન શ્રીહરિ ગોવિંદભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા કિરણભાઈ, આશિષભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી બળદેવભાઈ કરશનભાઈ ઠક્કર :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી બળદેવભાઈ ઠક્કર તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ગુરુકુલ અને ગુરુકુલના સેવાકાર્યો પ્રત્યે હેત ધરાવતા બળદેવભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા કરશનદાસભાઈ, પ્રફુલભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મગનભાઈ હરદાસભાઈ દેસાઈ :- ગામ પીઠવાજાળ નિવાસી શ્રી મગનભાઈ દેસાઈ તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ મગનભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ મુકેશભાઈ, કિશોરભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હેમકુંવરબેન વલ્લભભાઈ શેલડિયા :- ગાંધીનગર નિવાસી શ્રી હેમકુંવરબેન શેલડિયા તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે નિષ્ઠાથી જોડાયેલા આ પરિવારના માતુશ્રી હેમકુંવરબેનને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ કિશોરભાઈ, હિમતભાઈ, મનહરભાઈ, વિનુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૦૨/૧૧/૨૫, રવિવાર : **પ્રબોધીની એકાદશી :** ચાતુર્માસ સમાપ્ત
તા. ૧૫/૧૧/૨૫, શનિવાર : **ઉત્પત્તિ એકાદશી :**
તા. ૨૪/૧૧/૨૫, સોમવાર : **વચનામૃત જયંતી :** શ્રીઘનશ્યામ મહારાજ પાટોત્સવ, મેમનગર ગુરુકુલ, **સવારે** - ૬:૪૫ કલાકે
તા. ૨૯/૧૧/૨૫, શનિવાર : **શ્રીહરી જયંતી,** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવણી પયોભિષેક, અમદાવાદ ગુરુકુલ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

SGVP અમદાવાદ આયોજિત

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર સુવર્ણ જયંતી મહોત્સવ ઉપક્રમે

21 દિવસનો શ્રી મહાવિષ્ણુયાગ



તા.22 ડીસેમ્બર,2025 થી 11 જાન્યુઆરી,2026

યજ્ઞ સમય : દરરોજ સવારે 7:00 થી 12:00

પ્રેરક : પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

માર્ગદર્શક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

સનાતન વૈદિક સંસ્કૃતિમાં અનાદિ કાળથી યજ્ઞોનું મહત્ત્વ સુપ્રસિદ્ધ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વૈદિક અહિંસામય યજ્ઞો પ્રવર્તાવીને ભારતીય સંસ્કૃતિની યજ્ઞપરંપરાને નિર્મળ બનાવી છે. પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ગુરુકુલના માધ્યમથી આ વૈદિક યજ્ઞ પરંપરાને અવિરત ગતિએ આગળ વધારી છે. જૂનાગઢ શ્રીરાધારમણદેવના સાંનિધ્યમાં ૨૧ દિવસનો યજ્ઞ જેમાં સૂવર્ણશિખર છે.

એ પરંપરાને અનુસરીને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સ્થાપિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદના સુવર્ણ જયંતી મહોત્સવ ઉપક્રમે તારીખ ૨૨ ડિસેમ્બરથી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ૨૧ દિવસના ૫૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ અનોખા મહામહોત્સવનો લાભ લેવા આપને સહપરિવાર નિમંત્રણ પાઠવીએ છીએ.

લી. પુરાણી બાલકૃષ્ણદાસજીના હેતપૂર્વક

જય શ્રી સ્વામિનારાયણ

દેહશુદ્ધિ	**: તા.21-12-2025,રવિવાર । સાંજે 4:00 કલાકે**
અરણી મંથન	**: તા.22-12-2025,સોમવાર । સવારે 7:00 કલાકે**
બ્રહ્મચોર્યાસી	**: તા.28-12-2025,રવિવાર । સવારે 10:00 કલાકે**

યજ્ઞમાં બેસવા માટે 'QR' CODE સ્કેન કરી ફોર્મ ભરો.

યજ્ઞ સ્થળ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર-અમદાવાદ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

સંત નિવાસમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના ૨૪મા પાટોત્સવ પ્રસંગે અભિષેક તથા અન્નકૂટ દર્શન - SGVP

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રામાં યોજાયેલ શારદોત્સમાં ઉપસ્થિત
મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત ભાજપ પ્રમુખ શ્રી જગદીશભાઈ પંચાલ વગેરે મહાનુભાવો - SGVP

To.

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-